# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

## સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.૨૫/૦૬/૨૦૧૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫

**SAURASHTRA UNIVERSITY**
University Campus, University Road,
Rajkot – 360 005
PHONE : (0281) 2578501 / FAX : (0281) 2586983

**Re-Accredited Grade "A" by NAAC**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની જુન માસની સામાન્ય સભા તા.૨૫/૦૬/૨૦૧૮ ને સોમવારના રોજ સવારના ૧૧:૦૦ કલાકે, સિન્ડિકેટ મીટીંગરૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડૉ. નિલાંબરીબેન દવે -કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉપકુલપતિશ્રી | ---- ખાલી ---- |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડૉ. ધરમભાઇ ડી. કાંબલીયા | હાજર |
| ૭. | પ્રિ. ડૉ. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૮. | ડૉ. મેહુલભાઈ પી. રૂપાણી | હાજર |
| ૯. | ડૉ. પ્રફુલ્લાબેન જે. રાવલ | હાજર |
| ૧૦. | ડૉ. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૧. | ડૉ. પ્રતાપસિંહ એલ. ચૌહાણ | હાજર |
| ૧૨. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૩. | ડૉ. ગીરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૪. | ડૉ. નેહલભાઈ સી. શુકલ | હાજર |
| ૧૫. | ડૉ. અનિરૂદ્ધસિંહ પઢીયાર | હાજર |
| ૧૬. | ડૉ. વિમલભાઈ પરમાર | હાજર |
| ૧૭. | ડૉ. ભરતભાઈ રામાનુજ | હાજર |
| ૧૮. | શ્રી ભરતભાઈ ઝવેરભાઈ વેકરીયા | હાજર |
| | | |
| | | |

સભાની શરૂઆતમાં પ્રથમ મહિલા કુલપતિ તરીકે ડૉ. નિલાંબરીબેન દવેની કાર્યકારી કુલપતિશ્રી તરીકે નિયુક્તિ થતાં તેને આવકારેલ અને સર્વે સભ્યશ્રીઓએ ડૉ. નિલાંબરીબેન દવેને શુભેચ્છા પાઠવી હતી.

આજની આ સભામાં માન. કુલપતિશ્રી ડૉ. નિલાંબરીબેન દવેએ તા.૨૩/૦૫/૨૦૧૮ થી અમલમાં આવેલ સિન્ડિકેટ પરના ચૂંટાયેલા તેમજ નવનિયુક્ત સિન્ડિકેટ સભ્યોને આવકારેલ તેમજ સરકારશ્રીનો આભાર વ્યક્ત કરેલ. ત્યારબાદ સભાનું કામકાજ શરૂ કરવામાં આવેલ.

૧ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૧૩/૦૩/૨૦૧૮ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૩/૦૩/૨૦૧૮ની મીનીટ્સ મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

૨ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૧૩/૦૩/૨૦૧૮ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૧૩/૦૩/૨૦૧૮ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલ મિનીટ્સનાં સ્વરૂપમાં જ જે-તે આઈટમ સાથે લખી આગામી સિન્ડિકેટમાં રજૂ કરવો.**

**(નોંધ : કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)**

૩ સામાન્ય — સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ -૧૯૬૫ ની કલમ ૨૧ (૧) (V) તથા સ્ટેચ્યુટ ૯૨ ની જોગવાય અન્વયે તા.૨૩/૦૫/૨૦૧૮ થી અમલમાં આવેલ એકેડમિક કાઉન્સિલ પર બે સભ્યોને નોમિનેટ કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ તથા ધારા ૯૨ ની જોગવાય નીચે મુજબ છે.

(૧) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ-૧૯૬૫ ની કલમ ૨૧ (૧) **(V);** Two members nominated by the Syndicate from amongst its own members)

(૨) સ્ટેચ્યુટ ૯૨: For the purpose of nomination of two members by the Syndicate from amongst its members as required under Section 21(1) (V) of the Act, the Registrar shall inform the members of the Syndicate at least 10 days in advance of the date of the meeting of the Syndicate to the effect that the said nomination is due and it will be an item of the agenda of the meeting.

**આથી ઠરાવમાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ-૧૯૬૫ ની કલમ ૨૧ (૧) (V) તથા સ્ટેચ્યુટ ૯૨ ની જોગવાય અન્વયે તા.૨૩/૦૫/૨૦૧૮ થી અમલમાં આવેલ એકેડમિક કાઉન્સિલ પર બે સભ્યોને નોમિનેટ કરવા માટે ડૉ. ભરતભાઈ રામાનુજે (૧) ડૉ. ભાવિનભાઈ કોઠારી અને (૨) ડૉ. અનિરુદ્ધસિંહ પઢિયારનાં નામોની દરખાસ્ત કરેલ. જેને સર્વે સિન્ડિકેટ સભ્યશ્રીઓએ સર્વાનુમતે ટેકો આપી તેમની એકેડમિક કાઉન્સિલ પરની વરણી ગ્રાહ્ય રાખેલ.**

૪ મહેકમ-બ આ યુનિવર્સિટીના નિવૃત્ત કર્મચારી શ્રીમતિ નલીનીબેન એચ.પંડ્યાને હક્કરજાના રોકડમાં રૂપાંતરની તફાવતની રકમ રૂ.૧,૦૮,૨૫૪/- (અંકે રૂપિયા એક લાખ આઠ હજાર બસો ચોપન પુરા) યુનિવર્સિટીના સ્વ.ભંડોળમાંથી ચૂકવવી કે કેમ? તે અંગે વિચારણા કરવા બાબત.

૧. યુનિવર્સિટીના કર્મચારી કુ.મીનાક્ષી જી.બુચ/શ્રીમતિ નલીનીબેન એચ. પંડ્યાના પ્રમોશન અંગેના વિવાદ બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા.૧૯/૦૭/૨૦૧૬ના ચુકાદામાં નીચે પ્રમાણે આદેશ કરેલ છે.

**"11. In the result, this writ application is disposed of with a direction that the authority concerned shall finalize the pension of the respondent No.4 and also the other retiral dues if not paid in accordance with the regulations. It is clarified that the pension shall be fixed on the basis of the salary which she would have otherwise drawn if she would have been promoted on the post, as directed by the Tribunal. All other benefits shall also be calculated accordingly. Let this entire exercise be completed within a period of four weeks from the date of receipt of this order. Direct service is permitted."**

૨. નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉપર્યુક્ત ચુકાદાના સંદર્ભે આ કાર્યાલયના તા.૨૩/૦૯/ ૨૦૧૬ના પત્ર નં.મહેકમ/બ/૨/૫૩૦/૨૦૧૬ થી મંજૂરી આપવા સંયુક્ત કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી / શિક્ષણ વિભાગ, ગાંધીનગરને દરખાસ્ત કરવામાં

આવેલ હતી. આ બાબતે સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૬/૦૭/૨૦૧૭ના હુકમ ક્રમાંક: સરચ/૧૨૧૭/ *CHE*/૬૩/ખ-૨ થી જે હુકમ કરવામાં આવેલ છે તેનો સંદર્ભ ભાગ નીચે પ્રમાણે છે.

હુકમ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ખાતે આસિસ્ટન્ટ (લાયબ્રેરી) તરીકે ફરજ બજાવતા શ્રીમતી નલીનીબેન એચ.પંડ્યાને નામદાર ગુજરાત હાઇકોર્ટમાં દાખલ થયેલ એસ.સી.એ.નં.૨૫૫૨ના તા.૧૯/૦૭/૨૦૧૬ના ચુકાદા મુજબ શ્રીમતી નલીનીબેન પંડ્યાને તા.૨૬/૦૪/૧૯૯૪થી પ્રમોશન ગણી નોશનલ પગાર બાંધણી કરવાની મંજૂરી નીચેની શરતે આથી મંજુર કરવામાં આવે છે.

(૧) શ્રીમતી પંડ્યાને નામ.હાઇકોર્ટના તા.૧૯/૦૭/૨૦૧૬ના ચુકાદા મુજબ નોશનલ પગારબાંધણી બાદ નિવૃત્તિ તારીખ સુધી ચૂકવવાપાત્ર થતા પગારને આધારે યુનિવર્સિટી દ્વારા ચૂકવવાપાત્ર લાભોની ચુકવણીની રકમ પોતાના સ્વભંડોળમાંથી ચુકવવાની રહેશે. તે માટે રાજ્ય સરકાર દ્વારા કોઈ વધારાનું અનુદાન આપવામાં આવશે નહિ."

૩. શ્રીમતી નલીનીબેન એચ.પંડ્યાની નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો ધ્યાને લઇ પગાર બાંધણી **નોશનલ** કરવામાં આવેલ છે અને તે મુજબ પગાર ચકાસણી એકમ ગાંધીનગર દ્વારા પગાર બાંધણી માન્ય કરવામાં આવેલ છે અને તેમનું તે પગાર મુજબ સરકારશ્રી દ્વારા પેન્શન મંજુર કરવામાં આવેલ છે.

૪. શ્રીમતી નલીનીબેન એચ.પંડ્યા નિવૃત્ત થયા ત્યારે તેમની ૧૯૩ દિવસની પ્રાપ્ત રજા જમા હતી તેનું તે સમયના પગાર મુજબ રોકડ રૂપાંતરનું ચુકવણું થયેલ છે શ્રીમતિ નલીનીબેન એચ.પંડ્યા તરફથી તા.૦૯/૦૪/૨૦૧૮નો પત્ર આવેલ છે તેમાં તેઓએ નવા પગાર મુજબ હક્કરજાના રોકડ રૂપાંતરની રકમના તફાવતની માંગણી કરેલ છે.

આ તફાવતની રકમ રૂ.૧,૦૮,૨૫૪/-ની થાય છે. આ રકમનું ચુકવણું યુનિવર્સિટીના સ્વ.ભંડોળ માંથી કરવું કે કેમ ? તે નક્કી કરવાનું રહે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને હક્કરજાનું રોકડમાં રૂપાંતર કરી જે રકમ રાજ્ય સરકારશ્રી ચુકવે છે એવી જ રીતે શ્રીમતી નલીનીબેન એચ.પંડ્યાને પણ હક્કરજાના રોકડ રૂપાંતરની તફાવતની રકમ ₹૧,૦૮,૨૫૪/- રાજ્ય સરકારશ્રીએ ચૂકવવી જોઈએ અને તે માટે માન.રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત કરવી.**

૫ સામાન્ય

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની ૧૯૬૫ની કલમ-૫૧મા રહેલ જોગવાઈ મુજબ તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીના સમયનો એકાવનમો વાર્ષિક અહેવાલ તૈયાર કરવામાં આવનાર છે, માન.કુલપતિશ્રીએ વાર્ષિક અહેવાલ માટે સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ નીચે મુજબના સભ્યોની નિમણુંક કરેલ છે, માન.કુલપતિશ્રીના આ કાર્યને બહાલી આપવા બાબત.

૧. પ્રિ. ડૉ. વિજયભાઈ કે. પટેલ
૨. પ્રિ. ડૉ. ધરમભાઇ ડી. કાંબલીયા
૩. પ્રો. નીતિન વડગામા
૪. પ્રો. આર. એ. ચોટલીયા
૫. પ્રો. સંજય મુખર્જી
૬. ડૉ. રંજનબેન ખુંટ

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૬ યુનિવર્સિટીના જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ
મહેકમ-અ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકોની મુદત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપ્યાની માનનીય કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

નોંધ:-

| ક્રમ | અધ્યાપકશ્રીનું નામ | ભવનનું નામ | મુદત પૂર્ણ થયા તારીખ | મુદત લંબાવી આપ્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ડૉ. ગીતા એ.રાઠોડ | હોમસાયન્સ | તા.૨૩/૧૦/૨૦૧૭ | તા.૧૬/૧૧/૨૦૧૭ થી તા.૧૫/૧૦/૨૦૧૮ |
| ૨ | શ્રી સંકેત એમ.બદીયાણી | ગણિત | તા.૧૫/૧૧/૨૦૧૭ | તા.૧૭/૧૧/૨૦૧૭ થી તા.૧૬/૧૦/૨૦૧૮ |
| ૩ | ડૉ.શ્વેતા પાઠક | બાયોસાયન્સ | તા.૨૭/૧૨/૨૦૧૭ | તા.૨૯/૧૨/૨૦૧૭ થી તા.૨૮/૧૧/૨૦૧૮ |
| ૪ | ડૉ.તૃપ્તિ બી.વ્યાસ | પત્રકારીત્વ | તા.૦૭/૦૧/૨૦૧૮ | તા.૦૯/૦૧/૨૦૧૮ થી તા.૦૮/૧૨/૨૦૧૮ |
| ૫ | ડૉ.અન્ના સાહેબ મારુતી સૂર્યવંશી | આંકડાશાસ્ત્ર | તા.૨૩/૧૨/૨૦૧૭ | તા.૨૮/૧૨/૨૦૧૭ થી તા.૨૭/૧૧/૨૦૧૮ |
| ૬ | ડૉ.દિશા ચાંગેલા | બયોકેમેસ્ટ્રી | તા.૦૭/૦૨/૨૦૧૮ | તા.૦૯/૦૨/૨૦૧૮ થી તા.૦૮/૦૧/૨૦૧૯ |
| ૭ | શ્રી મોસમી સી.વાઘેલા | ફાર્માસ્યુટિકલ | તા.૦૬/૦૨/૨૦૧૮ | તા.૦૮/૦૨/૨૦૧૮ થી તા.૦૭/૦૧/૨૦૧૯ |
| ૮ | શ્રી મેઘના પી.પટેલ | ફાર્માસ્યુટિકલ | તા.૦૬/૦૨/૨૦૧૮ | તા.૦૮/૦૨/૨૦૧૮ થી તા.૦૭/૦૧/૨૦૧૯ |

યુનિવર્સિટીના ઉપર દર્શાવેલ ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકશ્રીઓની મુદત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરનો ૧૧ માસનો કરાર સમય પુરો થયા બાદ કરાર સીધો ન લંબાવતા જાહેરાત આપી ફરી પ્રક્રિયા કરવી.**

૭ મહેકમ-અ યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ફરજ બજાવતા અધ્યાપકોની રજાઓ જેવી કે, સી.એલ, હક્ક રજા, માંદગી રજા, ડયુટીલીવ, ઓનડયુટી વગેરે મંજુર કરવા બાબતે ઓર્ડીનન્સ ૨૦૫ ની જોગવાઈમાં સુધારો કરવા માન.કુલપતિશ્રી દ્વારા કરવામાં આવેલ નિર્ણયને બહાલી આપવા બાબત.

નોંધ:- સિન્ડીકેટ તા.૧૩/૦૩/૨૦૧૮ ની સભામાં ઠરાવ ક્રમાંક ૧૧ થી ઓર્ડીનન્સ ૨૦૫ ના એપેન્ડીક્સ VI માં કોલમ 5-D માં યુનિવર્સિટીના જુદાં જુદાં અનુસ્નાતક ભવનોમાં ફરજ બજાવતાં અધ્યાપકશ્રીઓની રજાઓ જેવી કે, સી.એલ, હક્ક રજા, માંદગી રજા, ડ્યુટી લીવ, ઓન ડ્યુટી વગેરે મંજુર કરવા બાબતે નીચે મુજબ સુધારો કરવામાં આવેલ છે.

- The head of the university department shall be competent to sanction all type of leave like C.L, E.L, S.L, D.L, etc. for his subordinates. The Vice-Chancellor in case of the head of the University Department shall be competent to sanction the all type of leave. if it is for more than thirty days in an academic year his/her case shall be placed for consideration of the syndicate.
- The register of all type of leave to be maintained by the University department separately.

ઉપર્યુક્ત સુધારામાં શરત ચૂકથી દરેક પ્રકારની રજાઓ જો ૩ દિવસથી વધુ સમયની હોય તો તે મંજુરી માટે સિન્ડીકેટ સમક્ષ મુકવા તેવો ઠરાવ થયેલ છે ખરેખર માત્ર ડ્યુટી લીવ માં જ જો તે ૩૦ દિવસથી વધુ દિવસો માટે ભોગવેલ હોય તો તેવા કેસ સિન્ડીકેટ સમક્ષ મુકવાના રહે છે તેવી જોગવાઈ છે.

સિન્ડીકેટની તા.૧૩/૦૩/૨૦૧૮ ની સભામાં થયેલ ઉપર્યુક્ત ઠરાવમાં નીચે મુજબનો સુધારો સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ માન.કુલપતિશ્રીએ મંજુર કરેલ છે.

The head of the university department shall be competent to sanction all type of leave like C.L, E.L, S.L, D.L, etc. for his subordinates. The Vice-Chancellor in case of the head of the University Department shall be competent to sanction the all type of leave. In the case of Duty Leave if it is for more than thirty days in an academic year his/her case shall be placed for consideration of the syndicate. The register of all type of leave to be maintained by the University department separately.

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ફરજ બજાવતા અધ્યાપકોની ડયુટીલીવ Per Semester ૧૦ થી વધુ હોય તો સિન્ડિકેટમાં રજૂ કરવું.**

૮ મહેકમ-અ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ફાર્મસી ક્ષેત્રનાં નવીન 'ફાર્મ ડી' અભ્યાસક્રમ દાખલ કરવા તથા કોમન ફેસેલીટી તરીકે ફાર્મસી ક્ષેત્રની હાઈટેક લેબોરેટરી વિકસાવવા માટે ગુજરાત સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં તા.૨૮/03/૨૦૧૮ નાં ઠરાવ ક્રમાંક પરચ-૧૦૨૦૧૭-૨૯૩૪-સ થી નીચે મુજબની શૈક્ષણિક જગ્યાઓ શરતોને આધીન મંજુર કરવામાં આવેલ છે.

| ક્રમ | જગ્યાનો હોદ્દો | જગ્યાની સંખ્યા | જગ્યાનું પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | પ્રાધ્યાપક | ૦૧ | ૩૭,૪૦૦ -૬૭,૦૦૦ ગ્રેડ પે રૂ| ૧૦,૦૦૦ |
| ૨ | સહપ્રાધ્યાપક | ૦૨ | ૩૭,૪૦૦ -૬૭,૦૦૦ ગ્રેડ પે રૂ| ૦૯,૦૦૦ |
| ૩ | મદદનીશ પ્રાધ્યાપક | ૦૫ | ૧૫,૬૦૦ -૩૯,૧૦૦ ગ્રેડ પે રૂ| ૬,૦૦૦ |

**આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીનાં શિક્ષણ વિભાગનાં ઉક્ત ઠરાવની નોંધ લેવામાં આવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ફાર્મસી ક્ષેત્રનાં નવીન 'ફાર્મ ડી' અભ્યાસક્રમ દાખલ કરવા તથા કોમન ફેસેલીટી તરીકે ફાર્મસી ક્ષેત્રની હાઈટેક લેબોરેટરી વિકસાવવા માટે ગુજરાત સરકારશ્રીનો આભાર વ્યક્ત કરેલ અને આભાર પ્રસ્તાવ મોકલવો.**

૯ મહેકમ-અ યુનિવર્સિટીનાં આંકડાશાસ્ત્ર અનુસ્નાતક ભવન તથા ફાર્માસ્યુટિકલ સાયન્સ અનુસ્નાતક ભવનમાં "વોક ઇન ઇન્ટરવ્યુ" દ્વારા કરાર આધારિત પ્રોફેસર / આસિસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ૧૧ માસ માટે રૂ| ૨૫,૦૦૦/ રૂ| ૪૦,૦૦૦ / રૂ| ૬૦,૦૦૦ નાં ફિક્સ વેતનથી નિમણુંક કરવા માટે મળેલી વરણી સમિતિની બેઠકમાં પસંદ થયેલા ઉમેદવારોને સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ નિમણુંક આદેશ આપ્યા અંગેનાં માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

| ક્રમ | ભવનનું નામ | જાહેરાત આપ્યા તારીખ | વરણી સમિતિની તારીખ | પસંદ થયેલ ઉમેદવારનું નામ | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | આંકડાશાસ્ત્ર અનુસ્નાતક ભવન | તા. ૨૪/03/૨૦૧૮ | તા. ૦૨/૦૪/૨૦૧૮ | (૧) રાંક દિશા.કે | રૂ| ૨૫,૦૦૦/- ફિક્સ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨ | ફાર્માસ્યુટિકલ સાયન્સ અનુસ્નાતક ભવન | તા. ૧૭/૦૨/૨૦૧૮ | તા. ૨૭/૦૩/૨૦૧૮ | (૧)ડૉ. વાડિયા નાસિર એચ.<br>(૨) શ્રી પેથાણી તૃપેશ<br>(૩) વૈષ્ણવ દેવેન્દ્ર જે.<br>(૪) કું. કોરાડીયા ક્રિષ્ના<br>(૫) શ્રી ઠુમ્મર કશ્યપ એન.<br>(૬) શ્રી રાબડીયા સમીર<br>(૭) શ્રી ખેર મુકેશ<br>(૮) શ્રી આર્યવ વિશાલ<br>(૯) કું.બગડા આરતી | રૂ| ૬૦,૦૦૦/- ફિક્સ<br>રૂ| ૪૦,૦૦૦/- ફિક્સ<br>રૂ| ૪૦,૦૦૦/- ફિક્સ<br>રૂ| ૪૦,૦૦૦/- ફિક્સ<br>રૂ| ૪૦,૦૦૦/- ફિક્સ<br>રૂ| ૪૦,૦૦૦/- ફિક્સ<br>રૂ| ૪૦,૦૦૦/- ફિક્સ<br>રૂ| ૪૦,૦૦૦/- ફિક્સ<br>રૂ| ૪૦,૦૦૦/- ફિક્સ |

નોંધ:- આંકડાશાસ્ત્ર અનુસ્નાતક ભવન તથા ફાર્માસ્યુટિકલ સાયન્સ અનુસ્નાતક ભવનમાં કરાર આધારીત પ્રોફેસર/આસીસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ની જગ્યા ભરવા માટે ઉપર્યુક્ત વિગતે "વોક ઇન ઇન્ટરવ્યુ" ગોઠવવામાં આવેલ. વરણી સમિતિની ભલામણ મુજબ રૂ| ૨૫,૦૦૦ / રૂ| ૪૦,૦૦૦ / રૂ| ૬૦,૦૦૦ નાં ફિક્સ વેતનથી આ જગ્યાઓ ભરવા માટે ઉમેદવારની પસંદગી કરવામાં આવેલ હતી, જેને સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રીનાં આદેશ મુજબ નિમણુંક પત્રો રવાના કરેલ છે. જેને બહાલી આપવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનમાં "વોક ઇન ઇન્ટરવ્યુ" દ્વારા કરાર આધારિત પ્રોફેસર / આસિસ્ટન્ટ પ્રોફેસર ૧૧ માસ માટે નાં ફિક્સ વેતનથી નિમણુંક કરવા માટે વરણી સમિતિની બેઠકમાં પસંદ થયેલા ઉમેદવારોને નિમણુંક આદેશ આપતા પહેલા સિન્ડિકેટમાં મુકવું.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જુદી જુદી કેડર માટે પગાર ધોરણ નક્કી કરતા પહેલા મંજુરી માટે સિન્ડિકેટ સમક્ષ વિચારણા અર્થે રજૂ કરવું અને ત્યારબાદ જ જાહેરાત આપવી.**

૧૦ મહેકમ-અ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોમાં " વ્યાખ્યાતા સહાયક" તરીકે ૧૧ માસ માટે ફરજ બજાવતાં કરાર આધારિત વ્યાખ્યાતાનાં મહેનતાણાનાં દર માસિક ફિક્સ ૨૫,૦૦૦/- થી વધારી ૪૦,૧૭૬/- કરવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધઃ- ગુજરાત સરકારશ્રીનાં શિક્ષણ વિભાગના તા.૦૪/૦૪/૨૦૧૭ નાં ઠરાવ ક્રમાંક એન.જી.સી / ૧૧૦૪/૧૬૫૭ / ખ . થી રાજ્યની બિનસરકારી અનુદાનિત કોલેજોના અધ્યાપક સહાયકોના ફિક્સ પગારમાં સુધારો કરવામાં આવેલ છે તથા અધ્યાપક / વ્યાખ્યાતા સહાયકને હાલમાં મળત્યા વેતન રૂ| ૨૫,૦૦૦/- માં વધારો કરી રૂ| ૪૦,૧૭૬/- કરેલ છે તે મુજબ યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોમાં "વ્યાખ્યાતા સહાયક" તરીકે ૧૧ માસ માટે ફરજ બજાવતાં કરાર આધારિત વ્યાખ્યાતાનાં મહેનતાણાનાં દર માસિક ફિક્સ ૨૫,૦૦૦/- થી વધારી ૪૦,૧૭૬/- કરવા અંગે વિચારણા કરવાની રહે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે ૧૧ માસ માટે ફરજ બજાવતા કરાર આધારિત વ્યાખ્યાતા માટે માન.રાજ્ય સરકારશ્રીના વ્યાખ્યાતા સહાયક માટેના મહેનતાણાનાં દર લાગુ પાડી શકાય નહિ. હાલના મહેનતાણાનાં દર યથાવત રાખવા.**

૧૧ પરીક્ષા-૫ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ કલમ ૧૮ (૧) (VII) ની જોગવાઈના સંદર્ભમાં જે વિધાર્થીઓએ પદવી/ડીપ્લોમાં પ્રદાન માટે આવેદનપત્રો ભરેલ હોય અને પદવી/ડીપ્લોમાં મેળવવાને પાત્ર હોય. તેવા દરેક વિધાર્થીઓને સ્ટેચ્યુટ-૧૫૮ માં દર્શાવેલ પદવી/ડીપ્લોમાં આગામી પદાવીદાન સમારંભ/સેનેટ સભામાં હાજર/ગેરહાજરમાં એનાયત કરવા સેનેટને કલમ-૧૮ (૧) (VII) અન્વયે ભલામણ કરવા બાબત.

આગામી **૫૩ માં વાર્ષિક પદાવીદાન સમારંભ** જો હાજરમાં કરવાનો થતો હોય તો તા.૧૩-૧૦-૨૦૦૮ ની રાજભવનની ગાઈડ લાઈન પ્રમાણે **ત્રણ તારીખો સમય તથા સ્થળ** વિગેરે નક્કી કરવા.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે માન.કુલપતિશ્રીને સત્તા આપવી.**

૧૨ પરીક્ષા-૨ યુનિવર્સીટી ઓ. ૧૬૧-ડી હેઠળ રચાયેલ એક્ઝામિનેશન ડીફોલ્ટ ઈન્કવાયરી કમીટી માટે ૨૩.૦૫.૨૦૧૮થી અમલમાં આવેલ સીન્ડીકેટનાં સભ્યો પૈકી ચાર સભ્યોની નિયુક્તિ કરવા અંગે.

નોંધઃ- યુનિવર્સીટી ઓ. ૧૬૧-ડી હેઠળ રચાયેલ કમિટીમાં નીચે જણાવેલ સ્ભ્યો હોય છે.

૦૧. માન. કુલપતિશ્રી
૦૨. માન. ઉપ-કુલપતિશ્રી

૦૩. સિન્ડીકેટ દ્વારા તેમનામાંથી નિયુકિત થયેલ ચાર સભ્યો.

૦૪. પરીક્ષા નિયામક (ક્ન્વીન્યર)

૨૩.૦૫.૨૦૧૫થી અમલમાં આવેલ સિન્ડીકેટ પૈકી નીચે જણાવેલ સભ્યો નોમીનેટ થયા હતા.

૦૧. ડૉ. ગીરીશભાઈ ભીમાણી

૦૨. ડૉ. વર્ષાબેન છીછીયા

૦૩. ડૉ. પ્રવીણસિંહ ચૌહાણ

૦૪. ડૉ. અનિરુધ્ધસિંહ પઢીયાર

૨૩.૦૫.૨૦૧૮થી અમલમાં સિન્ડીકેટ પૈકી ૦૪ સભ્યોની નિયુકિત માટે વિચારણા કરવા અંગે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે માન.કુલપતિશ્રીને સત્તા આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી દ્વારા નિયુક્ત તમામ કમિટીઓની રચના નવેસરથી કરવી અને તે માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવી.**

૧૩ પરીક્ષા-૨ ઓ.૧૬૧-ડી હેઠલ રચાયેલ એકઝામીનેશન ડીફોલ્ટ ઈન્કવાયરી કમિટીની તા.૨૭-૦૩-૨૦૧૮ને સભાની કાર્યવાહી નોંધ ઉપર વિચારણા કરી મંજૂર કરવા અંગે.

**આથી ઠરાવવામાં આવે છે કે એકઝામીનેશન ડીફોલ્ટ ઈન્કવાયરી કમિટીની તા.૨૭/૦૩/૨૦૧૮ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ: એકઝામીનેશન ડીફોલ્ટ ઈન્કવાયરી કમિટિની તા.૨૭/૦૩/૨૦૧૮નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૨" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૪ હિસાબ તા.૦૯/૦૫/૨૦૧૮ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે** ફાઈનાન્સ સમિતિની તા.૦૯/૦૫/૨૦૧૮**ની સભાની ભલામણો નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવી.**

ઠરાવ નં.૦૪

**આથી ઠરાવવામાં આવે છે કે છાપકામનાં વાર્ષિક કરાર અંગેની રીટેન્ડર પ્રક્રિયા હાથ ધરવી.**

**<u>ઠરાવ નં.૦૫</u>**

**આથી ઠરાવવામાં આવે છે કે ટેન્ડરની શરતો અનુસાર નોટીસ આપી કરાર સમાપ્ત કરવો અને એ દરમ્યાનમાં નવેસરથી કરાર કરવા માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવી.**

**<u>ઠરાવ નં.૦૬</u>**

**આથી ઠરાવવામાં આવે છે કે સદરહું બાબત આઈટમ ક્રમાંક ૩૬ સાથે વિચારણા કરી તેમાં કરવામાં આવેલ ઠરાવાનુસાર કાર્યવાહી કરવી.**

**(નોંધ: ફાઈનાન્સ કમિટિની તા.૦૯/૦૫/૨૦૧૮નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૩" તરીકે આ સાથે સામેલ છે.)**

| | |
|---|---|
| ૧૫<br>હિસાબ | તા.૨૧/૦૩/૨૦૧૮ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો અને કાર્યવાહી નોંધ મંજુર કરવા બાબત. |

**આથી ઠરાવવામાં આવે છે કે** ફાઈનાન્સ સમિતિની તા.૨૧/૦૩/૨૦૧૮**ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ: ફાઈનાન્સ કમિટિની તા.૨૧/૦૩/૨૦૧૮નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૪" તરીકે આ સાથે સામેલ છે.)**

| | |
|---|---|
| ૧૬<br>બાંધકામ | તા.૨૪/૦૪/૨૦૧૮ નાં રોજ મળેલ એસ્ટેટ કમિટી ની ભલામણો મંજુર કરવા બાબત. |

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની** તા.૨૪/૦૪/૨૦૧૮**ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કોઈ વાર્ષિક કોન્ટ્રાક્ટ પુરો થતો હોય અને તે ટેન્ડરની શરતોની મર્યાદામાં એક વર્ષ માટે લંબાવવાનો હોય તો તે માટે સંતોષકારક કામગીરી કર્યા અંગેનો અહેવાલ વિગતવાર દરેક આઈટમ વાઈઝ રજૂ કરવો.**

**(નોંધ: એસ્ટેટ કમિટિની તા.૧૩/૧૦/૨૦૧૭ નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૫" તરીકે આ સાથે સામેલ છે.)**

| | |
|---|---|
| ૧૭<br>બાંધકામ | યુનિવર્સિટી અધિનિયમ ૧૯૬૫ની કમલ ૧૯(૧) અન્વયે તા.૨૩/૦૫/૨૦૧૮થી અમલમાં આવે તે રીતે ઓર્ડીનન્સ ૩૭ મુજબ એસ્ટેટ કમિટીમાં પાંચ સભ્યોની નિયુક્તિ કરવા બાબત. |

નોંધ:-૧ Ordinance-37

There shall be a university Estate Committee consisting of:-

1) The Vice-chancellor
2) The Pro-vice-chancellor
3) The architect to the Government of Gujarat
4) The superintending Engineer ( R&B department, Rajkot)
5) Five other members to be appointed by the syndicate for a period of three years from whom two shall be expert
6) Chief Account officer
7) University Engineer
8) Registrar as member secretary
9) One member from planning Board appointed by the Vice-Chancellor
10) Auditor

નોંધ:-૨ આ પહેલા એસ્ટેટ કમિટિમાં નીચેના સભ્યો હતા.

૧. શ્રી નેહલભાઈ શુક્લ (સિન્ડિકેટ સભ્ય)
૨. શ્રી અનિરૂધ્ધસિંહ પઢીયાર (સિન્ડિકેટ સભ્ય)
૩. શ્રી હરદેવસિંહ જાડેજા (સિન્ડિકેટ સભ્ય)
૪. શ્રી નિદતભાઈ બારોટ (એક્સપર્ટ સભ્ય)
૫. શ્રી રાહુલભાઈ મહેતા (એક્સપર્ટ સભ્ય)

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે માન.કુલપતિશ્રીને સત્તા આપવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૬" તરીકે આ સાથે સામેલ છે)**

૧૮ લીગલ રાજકોટની બી.એ.ડાંગર હોમીઓપેથીક મેડીકલ કોલેજ – રાજકોટમાં ૪૩ જેટલા વિદ્યાર્થીઓને બોગસ માર્કશીટના આધારે હોમિયોપેથીક અભ્યાસક્રમમાં ગેરકાયદેસર પ્રવેશ લેનાર વિદ્યાર્થીઓ સામે તથા આ બાબતમાં આ કામગીરીમાં બી.એ.ડાંગર કોલેજના આચાર્યશ્રી ડો.અમિતાભ જોશી તથા આ કેસમાં સામેલ જામ-ખંભાળીયાના રહેવાસી ડો.કાદરી સામે સૌરાષ્ટ્ર યુનીવર્સીટીએ નીમેલ તપાસ સમિતિના અહેવાલને ધ્યાનમાં લઇને તા.૧૯-૪-૨૦૧૮ ના રોજ રાજકોટના ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન -૨ (મુંજકા)માં પોલીસ ફરિયાદ કર્યા અંગેની બાબતે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબતની નોંધ લેવામાં આવી અને કમિટિ દ્વારા જહેમત ઉઠાવી વિગતવાર તપાસ કરી અહેવાલ રજૂ કરવા બદલ અભિનંદન પાઠવવામાં આવે છે.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે પોલીસ તપાસ ચાલુ હોય, CCH ને વિગતોની જાણ કરવી અને તપાસ પૂર્ણ થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૭" તરીકે આ સાથે સામેલ છે)**

૧૯ ગ્રંથાલય સમિતિની સને. ૨૦૧૭-૧૮ ની સભા તા.૧૬/૦૩/૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંક-૧
ગ્રંથાલય પરત્વે વિચારણા કરવા બાબત.

ઠરાવ ક્રમાંક-૧

આથી ઠરાવવામાં આવે છે કે, સને ૨૦૧૮-૧૯ના સામયિક લવાજમના રૂ.૧૧,૨૫,૦૦૦/- તેમજ પુસ્તક ખરીદીના રૂ.૧૨,૩૫,૦૦૦/-ની ફાળવણી સામેલ પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**આથી ઠરાવવામાં આવે છે ગ્રંથાલય સમિતિની તા.૧૬/03/૨૦૧૮ની સભાના ઠરાવ ક્રમાંક-૧ની ભલામણ મંજૂર કરવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૮" તરીકે આ સાથે સામેલ છે)**

૨૦ ઓર્ડીનન્સ ૨૯ મુજબ બોર્ડ ઓફ કલ્ચરના સભ્યશ્રીઓની મુદત તા.૨૨/૦૫/૨૦૧૮ ના રોજ
શા. શિ. પૂરી થયેલ હોવાથી પુનઃરચના કરવા વિચારણા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે માન.કુલપતિશ્રીને સત્તા આપવી.**

**(નોંધ: ઓર્ડીનન્સ ૨૯ ની જોગવાઈ પરિશિષ્ટ “૦૯” તરીકે આ સાથે સામેલ છે.)**

૨૧ સને ૨૦૧૮-૧૯ નાં વર્ષ દરમ્યાન તા. ૧૩-૦૩-૨૦૧૮ ની સિન્ડીકેટ ઠરાવ નં. ૧૫ થી બોર્ડ
શા. શિ. ઓફ કલ્ચરની સભામાં એક સિન્ડીકેટ સભ્યશ્રીની નિમણુંક કરવા માટે ઓર્ડીનન્સ ૨૯ માં જરૂરી સુધારો કરવો. તેમ ઠરાવવામાં આવે છે.

હાલમાં બોર્ડ ફોર કલ્ચર એક્ટીવીટીઝ ઓર્ડીનન્સ ૨૯ માં નીચે મુજબ જોગવાઈ છે.

Ordinance : 29

There Shell Be A Board For Cultural Activities In The University.

It Shell Consist Of:

i. The Vice Chancellor
ii. The Pro Vice Chancellor, If Any
iii. One Principal, One Teacher From Affiliated Colleges, Recognized Institution And University Department, One Senate Member And One Student Representative From Affiliated Colleges, Recognized Institution And University Departments Nominated By The Syndicate Representing The Rajkot City, Rajkot, Amreli, Surendranagar, Junagadh, Jamnagar, And Porbandar Dist.
iv. One Principal Or Teacher Of A Music College Affiliated To The University.

v. The Director Or Youth Welfare Of The University , If Any
vi. The Director Of Physical Education
vii. Student Welfare Officer Of The University

Note : <u>The Students Welfare Officer Of The University Will Act As Secretary To The Board.</u>

હાલમાં ઉપરોકત મુજબની જોગવાઈ છે. તેમાં નીચે મુજબનો વધારો કરીએ.

VIII. One Member nominated by the Syndicate amongst its member.

ઉપરોકત બાબતે ઓર્ડીનન્સ ૨૯ માં સુધારો કરવા અર્થે સાદર રજુ....

**આથી ઠરાવવામાં આવે છે ઓર્ડીનન્સ ૨૯ માં ઉપરોક્ત સુધારો મંજૂર કરવો અને આગામી સેનેટ સભામાં રજૂ કરવો.**

૨૨ શા. શિ. ઓર્ડીનન્સ ૧૦ મુજબ બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યશ્રીઓની મુદત તા.૨૨/૦૫/૨૦૧૮ ના રોજ પૂરી થયેલ હોવાથી પુનઃરચના કરવા વિચારણા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે માન.કુલપતિશ્રીને સત્તા આપવી.**

**(નોંધ: ઓર્ડીનન્સ ૧૦ ની જોગવાઈ પરિશિષ્ટ "૧૦" તરીકે આ સાથે સામેલ છે.)**

૨૩ પરીક્ષા-૪ પરીક્ષા વિભાગ-૪ માં ઉતરવહી નું રી-ચેકિંગ કરવાની પ્રક્રિયા થાય છે. જેમાં એક વિષયની ફી માત્ર ₹૨૫ લેવામાં આવે છે. આ ફી ૧૪ વર્ષ પહેલા તા.૨૫/૦૯/2003 ના રોજ મળેલ સિન્ડિકેટની સભામાં નિયત થયેલ છે. તે ફી ₹૨૫ હાલ માં પણ લેવામાં આવે છે.

ઉપરોક્ત બાબતે વધુમાં જણાવવાનું કે રિચેકિંગના ફોર્મ મેન્યુઅલી ભરાઈને આવે છે. તે દરેક વિદ્યાર્થીના ફોર્મ પરથી વિષયો અને સીટ નં. જોઈ ઉતરવહી શોધવી પડે ત્યાર બાદ તેમનો સરવાળો ચેક કરવો પદે. ત્યાર બાદ તેમના નામ સરનામે પત્ર પાઠવવો વગેરે કાર્યવાહી ખર્ચ માં વધારો થતો હોય છે. આ બાબતને ધ્યાન લઈ હાલ જે એક વિષયની રી-ચેકિંગની ₹૨૫ ફી લેવામાં આવે છે. તેની જગ્યાએ હવે ₹૧૫૦ ફી નિયત કરવા ની બાબતે સિન્ડિકેટ સભામાં રજૂ કરીએ.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત આગામી તા.૨૮/૦૬/૨૦૧૮નાં રોજ મળનાર પરીક્ષા રિફોર્મ્સ સમિતિમાં રજૂ કરવી.**

૨૪ પરીક્ષા-૨ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી જુદી જુદી પરીક્ષાઓના પ્રશ્નપત્રોના દૈનિક વિતરણ અને ઉતરવહીઓ પરત લાવવાની કામગીરી કરતા આચાર્યશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓની તા.૧૬/03/૨૦૧૮ની સભા દ્વારા કામગીરીમાં રોકાતા મહેકમ કર્મચારીના મહેનતાણા તથા

દૈનિક ભથ્થામાં નીચે પ્રમાણે વધારો કરવા માટે કરવામાં આવેલ રજૂઆત ઉપર વિચારણા કરવા અંગે.

| ક્રમ | કેડર | હાલનો મહેનતાણાને દર {સિઝન દરમ્યાન ઉચ્ચક ધોરણે} | સુધારા માટેની વિનંતી {સિઝન દરમ્યાન ઉચ્ચક ધોરણે} |
|---|---|---|---|
| ૧. | નિયામક | રૂ. ૧૦,૦૦૦/- | રૂ. ૧૨,૦૦૦/- |
| ૨. | સુપરવાઈઝર | રૂ. ૮,૦૦૦/- | રૂ. ૧૦,૦૦૦/- |
| ૩. | પટ્ટાવાળા | રૂ. ૫,૦૦૦/- | રૂ. ૭,૦૦૦/- |
| ૪. | ચોકીદાર | રૂ. ૬,૦૦૦/- | રૂ. ૮,૦૦૦/- |

પ્રશ્નપત્ર વિતરણના રૂટમાં બહાર જતા કર્મચારીને હાલમાં દૈનિક ભથ્થા પેટે રૂ.૭૫/- ચુકવવામાં આવે છે, તેના બદલે દૈનિક રૂ.૧૨૫/- ચુકવવા માટે વિનંતી કરવામાં આવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત આગામી તા.૨૮/૦૬/૨૦૧૮નાં રોજ મળનાર પરીક્ષા રિફોર્મ્સ સમિતિમાં રજૂ કરવી.**

૨૫ એકેડેમિક ડીનશ્રીના કાર્યાલયના કલાર્કને મહેનતાણા ચૂકવવા અંગે ડીનશ્રી વિનયન, ગ્રામવિદ્યા, શિક્ષણ, બિઝનેશ મેનેજમેન્ટ અને વાણિજ્ય વિદ્યાશાખાએ ડીનશ્રીના કલાર્ક પ્રતિમાસ મળતા રૂ.૫૦૦/- બદલે રૂ.૧૫૦૦/-સુધીના મહેનતાણા વધારવા અંગે કરેલ ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ડીનશ્રીના કાર્યાલયના કલાર્કને મહેનતાણા પેટે માસિક રૂ.૧૫૦૦/- ચૂકવવા.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૧" તરીકે આ સાથે સામેલ છે)**

૨૬ સિન્ડિકેટ તા.૨૭/૦૩/૨૦૧૬ના રોજ મળેલ સેનેટની (ખાસ) સભામાં કામકાજ ક્રમાંક ૯ ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

સેનેટ સભ્યશ્રી ડૉ. પ્રિયવદનભાઈ કોરાટ

૯. "આથી આજની સેનેટની આ સભા ઠરાવે છે, કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ચૂંટાયેલા સેનેટ સભ્યોનું એક પ્રતિનિધિ મંડળ જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી (JNU)-નવી દિલ્હી અને દિલ્હી યુનિવર્સિટી-દિલ્હીની મુલાકાતે મુલાકાતે મોકલવા અને આયોજન કરવા સંબંધિત સત્તા મંડળને ભલામણ કરવામાં આવે છે."

ઉપર્યુક્ત પ્રસ્તાવ સેનેટ સભ્યશ્રી ડૉ. પ્રિયવદનભાઈ કોરાટે રજૂ કર્યો હતો અને તેને સેનેટ સભ્યશ્રી ડૉ. લીલાભાઈ કડછાએ ટેકો આપ્યો હતો.

ચર્ચા વિચારણા બાદ ઉપર્યુક્ત પ્રસ્તાવ નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવામાં આવે છે.

"આથી આજની સેનેટની આ સભા ઠરાવે છે, કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટ સભ્યોનું એક પ્રતિનિધિ મંડળ દેશની નામાંકિત યુનિવર્સિટીઓ તથા અન્ય શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાતે મોકલવા અને આયોજન કરવા યુનિવર્સિટીના સંબંધિત સત્તા અધિકાર મંડળને ભલામણ કરે છે."

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત પ્રસ્તાવની નોંધ લેવામાં આવી તેમજ જે કોઈ સેનેટ સભ્યશ્રી અથવા સેનેટ સભ્યશ્રીઓનું પ્રતિનિધિ મંડળ અન્ય યુનિવર્સિટીની મુલાકાતે જવા ઈચ્છતા હોઈ તેઓને સ્વખર્ચે જવાનું રહેશે. યુનિવર્સિટી દ્વારા જરૂરી ભલામણપત્ર આપવામાં આવશે.**

૨૭ સિન્ડિકેટ — તા.૨૦/૦૧/૨૦૧૮ના રોજ મળેલ સેનેટની (વાર્ષિક) સભામાં કામકાજ ક્રમાંક ૧૦ ના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

સેનેટ સભ્યશ્રી ડૉ. પ્રિયવદનભાઈ કોરાટ

૧૦. "આથી આજની સેનેટની સભા ઠરાવે છે કે, બી. એડ.માં જે પ્રવેશાર્થીને સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મનોવિજ્ઞાન વિષય હોય અને પ્રવેશાર્થી ઈચ્છે તો મનોવિજ્ઞાન પદ્ધતિ રાખી શકે અને તે અંગે કરવાની થતી કાર્યવાહી કરવાની સંબંધિત સત્તામંડળને ભલામણ કરવામાં આવે છે."

ઉપર્યુક્ત પ્રસ્તાવ સેનેટ સભ્યશ્રી ડો. પ્રિયવદનભાઈ કોરાટે રજૂ કર્યો હતો અને તેને સેનેટ સભ્યશ્રી ડૉ. નિદત્તભાઈ બારોટે ટેકો આપ્યો હતો.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે નિયમાનુસારની આગળની કાર્યવાહી હાથ ધરવી.**

૨૮ પરીક્ષા-૩ — સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વર્ષ ૨૦૧૨ થી B.H.M.S. માં જે વિધાર્થીઓએ અન્ય યુનિવર્સિટી માંથી પ્રવેશ મેળવેલ છે. તેમા પરીક્ષા સેલ વિભાગના પત્ર Exam_cell/042/2018, Dt.26-04-2018 મુજબ ૪૧ વિધાર્થીની અન્ય યુનિવર્સિટીની માર્કસીટ ખોટી માલુમ પડેલ છે. જેથી તે પૈકીના ૨૭ વિધાર્થીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માંથી પરીક્ષા આપેલ છે. તેઓના ઉકત પરીક્ષાના પરીણામ રદ કરવાના માન. કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત

**આથી ઠરાવમાં આવે છે કે માન.કુલપતિશ્રીનાં ઉપરોક્ત કાર્યને બહાલી આપવી.**

૨૯ મહેકમ-બ હોમિયોપેથી અભ્યાસક્રમમાં પ્રવેશ ગેરરીતી સંદર્ભે રચાયેલ તપાસ સમિતિના તારીખ ૧૫/૦૪/૨૦૧૮ ના અહેવાલ સંદર્ભે પરીક્ષા વિભાગના નીચે મુજબ ના ત્રણ અધિકારીઓ પાસેથી લેખિત માં ખુલાશો મંગાવવામાં આવેલ .

(૧) શ્રી એ. એસ. પારેખ, ઈ.ચા. પરિક્ષા નિયામકશ્રી
(૨) ડો. સી. એમ. કાનાબાર, મદદનીશ કુલસચિવ
(૩) શ્રી માધવીબેન વી. કડવાતર, વિભાગીય અધિકારી

ઉપર્યુકત જે ઘટના બની છે તેની ગંભીરતા દયાને લેતા ખુલાસાઓ ગ્રાહ્ય રાખવા કે નહી અને ગ્રાહ્ય રાખવામાં ન આવે તો શું પ્રક્રિયા કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- (૧) હોમિયોપેથી અભ્યાસક્રમમાં પ્રવેશ ગેરરીતી સંદર્ભે રચાયેલ તપાસ સમિતિના તારીખ ૧૫/૦૪/૨૦૧૮ ના અહેવાલમાં કમીટી દ્વારા કરવામાં આવેલ ભલામણો પૈકી ક્રમાંક - ૫ તથા ૮ માં નીચે મુજબ ભલામણ કરવામાં આવેલ છે.

(૫) " યુનિવર્સિટી દ્વારા અન્ય યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓ દ્વારા પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ મેળવવામાં આવે તે કિસ્સામાં ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફિકેટ આપતા પહેલા જે તે યુનિવર્સિટીમાં માર્કશીટની ખરાઈ કરવી અને તે અંગે જે તે વિભાગની કાયદાકીય જવાબદારી ફિક્સ કરવી."

(૮) " પરીક્ષા વિભાગ દ્વારા બેદરકારી દાખવવામાં આવી છે તે દેખાઈ રહ્યું છે આથી તે અંગે જરૂરી પગલા લેવા અને આવી ઘટના ફરીથી ન ઉદભવે તેવી નીતિ નિર્ધારિત કરવી".

કમીટી દ્વારા જે તારણો દર્શાવવામાં આવેલ છે તે પૈકી તારણ નં.૪ નીચે મુજબ છે.

(૪) " જે વિદ્યાર્થીઓના ફાઈનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ લેવાના બાકી હોય તેવા વિદ્યાર્થીઓના પરિણામ અનામત રાખવામાં આવવા જોઈએ જે અનામત રાખવામાં આવેલ નથી".

(તપાસ સમિતિનો અહેવાલ સભા સમયે રજુ કરવામાં આવશે.)

(૨) સમગ્ર તપાસ પ્રક્રિયા દરમ્યાન જે જે લેખિત નિવેદનો/રજુઆતો કમિટીને મળેલ તે પૈકી નીચે મુજબના પરીક્ષા વિભાગના ત્રણ અધિકારીઓ તરફથી પણ લેખિત નિવેદનો/ રજુઆતો મળેલ.

(૧) શ્રી એ. એસ. પારેખ, ઈ.ચા. પરીક્ષા નિયામકશ્રી
(૨) ડો. સી.એમ.કાનાબાર, મદદનીશ કુલસચિવશ્રી

(૩) શ્રી માધવીબેન વી. કડવાતર, વિભાગીય અધિકારી

(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ના ***Rules Regarding Condition of Service*** માં ક્રમ નં. ૧૨ તથા ૧૩ માં નીચે મુજબ જોગવાઈ થયેલ છે.

(12) No permanent employee shall be punished or dismissed without being given a reasonable opprotunity of being heard in his defence. In the case of dismissal, a regular inquiry should be held by the competent officer of the University. The procedure shall be as under :

(a) A preliminary inquiry to see if ther is primafacie case of action.

(b) A written charge-sheet specifying the charge or charges brought shall be given to the employee.

(c) The employee concerned shall be asked to submit his reply to the charge- sheeet within the period to be specified in the charge-sheet.

(d) The employee concerned shall have right to cross-examine the witness against him and to lead evidence (documentary or oral) in his defence.

(13) Right of Appeal:

(a) Every employee shall have the right of appeal against his dismissal.

(b) The decision of the Syndicate on the appeal shall be final.

(c) In case of punishment other than the imposition of fines by the Register,an employee shall have the right of appeal to the Vice-Chancellor, whose decision shall be final.

ઉપરોક્ત ક્રમ-૧૨ માં દર્શાવેલ જોગવાઈ મુજબ પ્રથમ ઉપરોક્ત ત્રણ અધિકારીઓ પાસેથી લેખિતમાં ખુલાસો માગવામાં આવેલ હતો.

(૧) શ્રી એ. એસ. પારેખ, ઈ.ચા. પરીક્ષા નિયામકશ્રી

(૨) ડો. સી.એમ.કાનાબાર, મદદનીશ કુલસચિવશ્રી

(૩) શ્રી માધવીબેન વી. કડવાતર, વિભાગીય અધિકારી

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે ગંભીર નોંધ લેવામાં આવી અને સંબંધિત અધિકારીશ્રીઓને ઠપકો આપવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં આ પ્રકારની ભૂલો ન થાય તે માટે આ પ્રકારનાં કિસ્સાઓમાં જવાબદારી સુનિશ્ચિત કરવા સંદર્ભે નિયમો બનાવવા નીચે મુજબનાં સભ્યશ્રીઓની કમિટીની રચના કરવી.**

**(૧) પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ**

**(૨) ડૉ. ભાવિનભાઈ કોઠારી**

**(૩) ડૉ. મેહુલભાઈ રૂપાણી**

**(૪) ડૉ. ગીરીશભાઈ ભીમાણી**

**(૫) ડૉ. વિજયભાઈ પટેલ**

**(૬) ડૉ. ધરમભાઇ કાંબલીયા**

**(૭) ડૉ. વિમલભાઈ પરમાર**

**આ ઉપરાંત માન.કુલપતિશ્રી દ્વારા અન્ય જે સભ્યોની નિમણુંક કરવામાં આવે તે.**

**(નોંધ :- ઉપરોક્ત ત્રણ અધિકારીશ્રીઓના ખુલાસા સભા સમયે રજુ કરવામાં આવેલ.)**

૩૦ બાંધકામ — ઓડીટોરીયમની સ્થળ નક્કી કર્યા અંગેની નોંધ લેવા બાબત તેમજ ઓડીટોરીયમની કેપેસીટી ૧૫૦૦ ની કરવા અંગેના સુચન પરત્વે વિચારણા કરવા બાબત.

નોંધ:-૧. યુનિવર્સીટી કેમ્પસમાં ઓડીટોરીયમ હોલ બનાવવા માટે સ્થળ નક્કી કરવા માટે સિન્ડીકેટ ની તા.૧૩/૦૨/૨૦૧૮ ના ઠરાવ નં ૧૬ અનુસાર ચાર સભ્યોની કમિટિ બનાવવામાં આવેલ. આ કમિટિ દવારા જુદાજુદા ૬ સ્થળ ની ભલામણ સ્થળના ફાયદા-ગેરફાયદા સહિતનો રીપોર્ટ રજુ કરવામાં આવેલ.

સિન્ડીકેટ ના ઠરાવ અનુસાર સિન્ડીકેટ સભ્યોશ્રી દવારા ઉપરોકત સ્થળ પૈકી એક સ્થળ ફાઈનલ કરવા તા.૧૭/૦૫/૨૦૧૮ ના સ્થળ વિઝીટ કરવામાં આવેલ. સ્થળ નિરીક્ષણ કાર્ય બાદ તેઓ દવારા સ્થળ નં.૧ જે કન્વેન્શન બિલ્ડીંગ ની પાછળ છે તે સ્થળ નક્કી કરવામાં આવેલ છે. આ અંગેનો રીપોર્ટ આ સાથે પરિશિષ્ટ-૧ તરીકે સામેલ છે.

સિન્ડીકેટ દ્વારા નિયુકત સમિતિએ આપેલ કુલ ૬ સ્થળોની ભલામણ કરવામાં આવેલ છે તે પૈકી કોઈ એક સ્થળ સિન્ડીકેટ સભ્યો દ્વારા પસંદ કરવાનું હતું પરંતુ ૫ સિન્ડીકેટ સભ્યો દ્વારા ઓડીટોરીયમની કેપેસીટી ૯૦૦ ના બદલે ૧૫૦૦ની કરવા સુચન કરેલ છે.

હાલ ૯૦૦ ની ક્ષમતાવાળું ઓડીટોરીયમ હોલનું ટેન્ડર એસ્ટેટ કમિટિ/ સિન્ડીકેટ દ્વારા મંજુર થયેલ છે અને તે અંગેનો કામ મંજુર કરવાનો આદેશ પણ પાર્ટીને આપવામાં આવેલ છે. જે અન્વયે પાર્ટી દ્વારા જરૂરી સિક્યુરિટી ડીપોઝીટ જમા કરવામાં આવેલ છે તેમજ એગ્રીમેન્ટમાં જરૂરી સ્ટેમ્પ ડયુટી લગાવી એગ્રીમેન્ટની કાર્યવાહી ચાલુ છે.

૯૦૦ ની ક્ષમતાવાળું ઓડીટોરીયમ હોલ બનાવવા અંગે એસ્ટેટ કમિટિ/ સિન્ડીકેટ વગેરેમાં થયેલ ઠરાવો અંગેની એસ્ટેટ કમિટિની તા.૦૯/૦૫/૧૭ ની મીટીંગના ઠરાવ નં.૧૧ થી આ સાથે સામેલ છે. આ બાબત સિન્ડીકેટ દ્વારા તા.૨૪/૦૮/૧૭ ની સભાના ઠરાવ નં.૧૨ થી મંજુર કરવામાં આવેલ છે. જેને આધારે ટેન્ડરો

મંગાવી તમામ કાર્યવાહી પૂર્ણ થયેલ છે. ઓડીટોરીયમ નું ખાતમુહૂર્ત ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે તા.૧૭/૦૨/૧૮ નાં રોજ કરવામાં આવેલ છે.

નોંધ:-૨ ૧ -કમિટિ દ્વારા આપવામાં આવેલ સ્થળનું સુચન સ્વીકારીયે.

૨- કેપેસીટી વધારીને ઓડીટોરીયમ બનાવવા માટે પ્લાન અને એસ્ટીમેટ તથા ટેન્ડરની સમગ્ર પ્રકિયા નવેસરથી કરવાની રહે અને હાલનું ટેન્ડર રદ કરવું પડે. હાલના ટેન્ડરની તમામ કાર્યવાહી પૂર્ણ થયેલ હોય તેમજ ઓડીટોરીયમનું ખાતમુહૂર્ત ગુજરાત રાજ્યના માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તેકે કરવામાં આવેલ હોય હવે થયેલ નિર્ણયમાં ફેરફાર કરવો યોગ્ય જણાતું નથી.

૩- ૯૦૦ ની કેપેસીટીવાળા ઓડીટોરીયમની ટેન્ડરની તમામ કાર્યવાહી પૂર્ણ થયેલ હોય, પાર્ટીને કામ મંજુર કરવાનો ઓડર આપેલ હોય તેમજ પાર્ટી દ્વારા સિક્યોરિટી ડીપોઝીટ ભરવામાં આવેલ હોય અને એગ્રીમેન્ટની જરૂરી સ્ટેમ્પ ડયુટી ભરેલ હોય પાર્ટી પાસે કામ ચાલુ ન કરાવવાનો નિર્ણય લેવામાં આવે તો કાયદાકીય રીતે લીટીગેશનનો પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે તે બાબતે વિચારણા કરવાની રહે.

**આથી ઠરાવવામાં આવે છે કે કમિટિ દ્વારા સૂચવવામાં આવેલ ઓડીટોરીયમનું સ્થળ નક્કી કર્યા અંગેની નોંધ લેવામાં આવી તેમજ ઓડીટોરીયમની કેપેસીટી ૯૦૦ની રાખવી અને ત્વરીત કામગીરી ચાલુ કરાવવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૨" તરીકે આ સાથે સામેલ છે)**

૩૧ હિસાબ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી અધિનિયમની કલમ 19(I) અન્વયે તા. ૨૩-૫-૨૦૧૮ થી અમલમાં આવેલ સિન્ડીકેટનાં સભ્યો પૈકી પાંચ સભ્યોને ઓર્ડીનન્સ 41(III) મુજબ ફાઇનાન્સ સમિતીનાં સભ્યો તરીકે નિયુક્ત કરવા બાબત.

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી અધિનિયમની કલમ 19(I) અન્વયે તા. ૨૩-૫-૨૦૧૮ થી અમલમાં આવેલ સિન્ડીકેટનાં સભ્યો પૈકી પાંચ સભ્યોને ઓર્ડીનન્સ 41(III) મુજબ ફાઇનાન્સ સમિતીનાં સભ્યો તરીકે નિયુક્ત કરવાનાં થાય છે. ઓર્ડીનન્સ 41(I) અન્વયે કુલપતિશ્રી તથા ઓર્ડીનન્સ 41(II) અન્વયે કુલનાયકશ્રી હોદાની રૂએ ફાઇનાન્સ સમિતીના સભ્યો છે. આ ઉપરાંત ગત ફાઇનાન્સ સમિતીમાં નીચે મુજબના પાંચ સભ્યો હતા.

(૧) શ્રી નેહલભાઈ શુકલ (૨) ડો. ભાવિનભાઈ કોઠારી

(૩) ડો. વિજયભાઈ પટેલ (૪) ડો. ધરમભાઇ કાંબલીયા

(૫) ડો. જી.સી.ભીમાણી

તા.૨૩-૫-૨૦૧૮ થી અમલમાં આવેલ સિન્ડીકેટનાં સભ્યો પૈકી પાંચ સભ્યોને ફાઇનાન્સ સમિતીમાં નિયુકત કરવા આગામી સિન્ડીકેટમાં મુકીએ.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે માન.કુલપતિશ્રીને સત્તા આપવી.**

૩૨ પરીક્ષા-૩,૪ પ્રશ્નપત્રની MSSપ્રેસમાં પહોંચાડવા તથા પ્રશ્નપત્રોના સીલબંધ પેકેટ્સ પરીક્ષા કેન્દ્ર અથવા રીસિવિંગ સેન્ટર પર પહોંચાડવા માટેપ્રશ્નપત્રની જાળવણી સંભાળ માટે આપવામાં આપવામાં આવતા વળતરમાં વધારા અંગે.

**(૧)** સવિનય સાથ જણાવવાનું કે,પ્રશ્નપત્રની MSSપ્રેસમાં પહોંચાડવા તથા પ્રશ્નપત્રોના સીલબંધ પેકેટ્સ પરીક્ષા કેન્દ્ર અથવા રીસિવિંગ સેન્ટર પર પહોંચાડવા માટે જતાં આવતા શૈક્ષણિકકર્મચારી તથા બિન શૈક્ષણિક કર્મચારીને એક દિવસના પટ્ટાવાળાને રૂ|. ૧૫૦/- તથા અન્ય સ્ટાફને રૂ|. ૨૦૦/- પ્રશ્નપત્રની જાળવણી સંભાળ માટે આપવામાં આવે છે, જે વળતરનો વધારો કરવો આવશ્યક છે.

અગાઉ પરીક્ષા પુનઃમુલ્યાંકન કરાવવા માટેની ઉતરવહીઓ લઈને જતાં આવતા કર્મચારીઓનો આ વળતરનો પટ્ટાવાળાને એક દિવસના રૂ|. ૧૫૦/- માંથી રૂ|. ૩૦૦/- તથા અન્ય કર્મચારીઓને રૂ|. ૨૦૦/- માંથી રૂ|. ૪૦૦/- વધારો કરેલ છે.આ વધારો પરીક્ષા વિભાગ-૨ ની ઉતરવહીઓ માટે પણ લાગુ પાડવાનો રહે.

પ્રશ્નપત્ર MSSપ્રેસમાંતથા સીલબંધ પ્રશ્નપત્રોના પેકેટ્સ પરીક્ષા કેન્દ્ર અથવા રીસિવિંગ સેન્ટર પર પહોંચાડવાની કામગીરી ખુબજ ગોપનીય હોય તેમજ હાલમાં ચુકવવામાં આવતું જવાબદારીનું વળતર ઘણા સમય પહેલા સુધારેલ હોય ચુકવવામાં આવતા આ વળતરમાં વધારો કરી આપવા અર્થે રજુ. તેમજ પરીક્ષા પુનઃમુલ્યાંકન વિભાગની વળતર સુધારા અંગેની તા. ૦૫/૧૦/૨૦૧૬ની નોંધ ઉપર માન. કુલપતિશ્રી દ્વારા આપવામાં આવેલી મંજુરી પણબહારગામ જતાં કર્મચારીઓ માટે સિન્ડિકેટમાં વિચારણા અર્થે રજુ.....

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત આગામી તા.૨૮/૦૬/૨૦૧૮નાં રોજ મળનાર પરીક્ષા રિફોર્મ્સ સમિતિમાં રજૂ કરવી.**

૩૩ પી.જી.ટી.આર **Statute 118 (IV)** અને **Statute 118 (VI)** ની જોગવાઈ અનુસાર બોર્ડ ઓફ યુનિવર્સીટી ટીચીગમાં સભ્યોની નિયુક્તી અંગે વિચારણા કરવા બાબત.

નોધ-: (૧) **Statute 118 (IV) One member nominated by the syndicate**

(૨) **Statute 118 (VI) Not more than three Heads of Departments from amongst themselves representing different faculties to be nominated by the syndicate.**

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે માન.કુલપતિશ્રીને સત્તા આપવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૩" તરીકે આ સાથે સામેલ છે)**

૩૪ પી.જી.ટી. આર. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના University Grants Commission (Minimum Standards and Procedure for Award of M.Phil./Ph.D. Degree) Regulation, 2016 અનુસાર નવા ઘડાયેલ ઓર્ડીનાન્સમાં જરૂરી સ્પષ્ટતા થવા બાબત.

નોંધ-: ભારત સરકારના રાજપત્રમાં પ્રસિધ્ધ થયા અનુસાર યુ.જી.સી.નું પીએચ.ડી. અંગેનું રેગ્યુલેશન-૨૦૧૬ તા:-૦૫/૦૫/૨૦૧૬થી અમલમાં આવેલ છે. આ રેગ્યુલેશન અનુસારનો યુનિવર્સિટીનો ઓર્ડીનાન્સ તા:-૨૫/૦૧/૨૦૧૭થી અમલમાં આવેલ છે. યુ.જી.સી.ના આ રેગ્યુલેશન તથા યુનિવર્સિટીના ઓર્ડીનાન્સની નકલ પરિશિષ્ટ તરીકે સામેલ છે.

યુ.જી.સી.ના પી.એચ.ડી. અંગેના ૨૦૧૬ના રેગ્યુલેશનની કલમ ૧૦ અને કલમ ૧૧ની જોગવાઈઓ નીચે મુજબ છે.

<u>કલમ-૧૦</u> "Academic, administrative and infrastructure requirement to be fulfilled by colleges for getting recognition for offering M.Phil./Ph.D. programmes:

10.1 Colleges may be considered eligible to offer M.Phil./Ph.D. programmes only if they satisfy the availability of eligible Research Supervisors, required infrastructure and supporting administrative and research promotion facilities as per these Regulations.

10.2 Post-graduate Departments of colleges, Research laboratories of Government of India/State Government with at least two Ph.D. qualified teachers/scientists/other academic staff in the Department concerned along with required infrastructure, supporting administrative and research promotion facilities as per these Regulations, stipulated under sub-clause 10.3, shall be considered eligible to offer M.Phil./Ph.D. programmes. Colleges should additionally have the necessary recognition by the Institution under which they operate to offer M.Phil/Ph.D. programme.

10.3 Colleges with adequate facilities for research as mentioned below alone shall offer M.Phil./Ph.D. programmes:

10.3.1 In case of science and technology disciplines, exclusive research laboratories with sophisticated equipment as specified by the Institution concerned with provision for adequate space per research scholar along with computer facilities and essential software, and uninterrupted power and water supply;

10.3.2 Earmarked library resources including latest books, Indian and International journals, e-journals, extended working hours for all disciplines, adequate space for research scholars in the Department/library for reading, writing and storing study and research materials;

10.3.3 Colleges may also access the required facilities of the neighbouring Institutions/Colleges or of those Institutions/Colleges/R&D laboratories/ which have the required facilities".

<u>કલમ-૧૧</u> "Treatment of Ph.D./M.Phil. through Distance Mode/Part-time:

11.1 Notwithstanding anything contained in these Regulations or any other Rule or Regulation, for the time being in force, no University, Institution, Deemed to be a University and College shall conduct M.Phil. and Ph.D. programmes through distance education mode.

11.2 Part-time Ph.D. will be allowed provided all the conditions mentioned in the extant Ph.D. Regulations are met".

ઉપરોક્ત બન્ને કલમોનો ઉલ્લેખ અને તેને અનુરૂપ જોગવાઈ યુનિવર્સિટીના ૨૦૧૭ના પીએચ.ડી. અંગેના ઓર્ડીનાન્સમાં કરવામાં આવેલ નથી.

હાલમાં વિવિધ ભવનો દ્વારા યોજવામાં આવેલ ડી.આર.સી. અને ત્યારબાદ કરાવવામાં આવેલ કોર્ષવર્ક બાદ પીએચ.ડી.ના વિદ્યાર્થીઓના નોંધણી માટેના આવેદનપત્રો આ વિભાગને મળવામાં છે અને આ નોંધણી આવેદનપત્રોની ચકાસણી આ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવે છે જેમાં માલુમ પડેલ છે કે યુનિવર્સિટી ભવનના અધ્યાપકો સિવાય યુનિવર્સિટી સંલગ્ન યુ.જી. કોલેજોના અધ્યાપકો, યુનિવર્સિટી માન્ય પી.જી.સંસ્થાના અધ્યાપકો અને યુનિવર્સિટી માન્ય અનુસ્નાતક સંશોધન કેન્દ્રોના અધ્યાપકો હેઠળ પણ પીએચ.ડી.નો અભ્યાસ કરાવવા માટેના નોંધણી આવેદનપત્રો રજુ કરવામાં આવેલ છે.

યુ.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૬ની કલમ-૧૦ પ્રમાણે કોલેજના પી.જી.વિભાગ અને કેન્દ્ર કે રાજ્ય સરકારની સંશોધન પ્રયોગશાળા ખાતે બે વ્યક્તિનો પીએચ.ડી. ના ગાઈડ થવા માટેની લાયકાત ધરાવતો સ્ટાફ, જરૂરી માળખાકિય સુવિધાઓ અને રેગ્યુલેશનમાં જણાવ્યા અનુસારની સંશોધન માટેની જરૂરી સુવિધાઓ ઉપલબ્ધ હોય તો તેવી કોલેજ અને કેન્દ્ર કે રાજ્ય સરકારની સંશોધન પ્રયોગશાળાને પીએચ.ડી.નો અભ્યાસક્રમ ચલાવવા માટે માન્યતા આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. તદઅનુસાર આ યુનિવર્સિટી દ્વારા પીએચ.ડી.નો અભ્યાસક્રમ ચલાવવા માટે કોઈ કોલેજના પી.જી.વિભાગ કે કેન્દ્ર/રાજ્ય સરકારની સંશોધન પ્રયોગશાળાને માન્યતા આપવામાં આવેલ નથી.

યુ.જી.સીના રેગ્યુલેશન ૨૦૧૬ની કલમ-૧૧ પ્રમાણે ડીસ્ટન્સ એજ્યુકેશન મોડમાં પીએચ.ડી.નો અભ્યાસક્રમ ચલાવવાની મનાઈ ફરમાવવામાં આવેલ છે માટે આ અભ્યાસક્રમ રેગ્યુલર મોડમાં જ ચલાવવો આવશ્યક છે. પાર્ટ-ટાઈમ પીએચ.ડી.નો અભ્યાસક્રમ રેગ્યુલેશનની કલમોનું પરિપાલન થતું હોય તો માન્ય ગણવામાં આવેલ છે. યુ.જી.સી.ની તા:-૧૭/03/૨૦૧૭ની પબ્લીક નોટિસ દ્વારા કરવામાં આવેલ સ્પષ્ટતા અનુસાર પીએચ.ડી.નો અભ્યાસક્રમ પાર્ટ-ટાઈમ અથવા ફુલ-ટાઈમ કરવામાં આવેલ હોય તો જ તેને રેગ્યુલર મોડમાં

ગણવામાં આવશે. ડીસ્ટન્સ મોડમાં મેળવેલ પીએચ.ડી.ની પદવી માન્ય રાખવામાં આવશે નહિ. સદરહુ પબ્લિક નોટિસની નકલ પરિશિષ્ટ તરીકે સામેલ છે.

(૧) યુ.જી.સી રેગ્યુલેશન ૨૦૧૬ની કલમ-૧૦ ધ્યાને લઈ યુનિવર્સિટી ભવનો ખાતે સેવા બજાવતાં માર્ગદર્શકો હેઠળ કલમ-૧૧ અને તા:-૧૭/૦૩/૨૦૧૭ની પબ્લીક નોટિસ અનુસાર પાર્ટ ટાઈમ વિદ્યાર્થી તરીકે નોંધણી કરવી કે ફૂલ ટાઈમ વિદ્યાર્થી તરીકે નોંધણી કરવી તે અંગે સ્પષ્ટતા થવા વિચારણા કરવા બાબત.

(૨) યુ.જી.સી રેગ્યુલેશન ૨૦૧૬ની કલમ-૧૦ ધ્યાને લઈ યુનિવર્સિટી ભવન સિવાયના માર્ગદર્શકો હેઠળ વિદ્યાર્થીઓની નોંધણી કરવી કે કેમ ? તે અંગે સ્પષ્ટતા થવા વિચારણા કરવા બાબત.

(૩) યુનિવર્સિટી ભવન સિવાયના માર્ગદર્શકો હેઠળ વિદ્યાર્થીઓની નોંધણી કલમ-૧૧ અને તા:-૧૭/૦૩/૨૦૧૭ની પબ્લીક નોટિસ અનુસાર પાર્ટ ટાઈમ વિદ્યાર્થી તરીકે નોંધણી કરવી કે ફૂલ ટાઈમ વિદ્યાર્થી તરીકે નોંધણી કરવી તે અંગે સ્પષ્ટતા થવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે યી.જી.સી. રેગ્યુલેશન ૨૦૧૧ની કલમ ૧.૨, ૫ અને ૧૦.૧ ધ્યાને લઈ યુનિવર્સિટી ભવનમાં ફરજ બજાવતા અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં ફરજ બજાવતા માર્ગદર્શક શિક્ષકો હેઠળ વિદ્યાર્થીઓની નોંધણી રેગ્યુલર મોડમાં કરવામાં આવતી હતી તે અનુસાર જ રેગ્યુલર મોડમાં કરવી.**

**(નોંધ : યુનિવર્સિટી દ્વારા કોઈ અભ્યાસક્રમો ડિસ્ટન્સ મોડમાં ચલાવવામાં આવતા નથી.)**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના Pre Ph.D. Vivaનાં સ્થળ, કોર્ષવર્કનું આયોજન Ph.D. Vivaમાં ભવનનાં અધ્યક્ષશ્રીને જાણ કરવી વગેરે બાબતોના સંદર્ભે નિર્ણય કરવા અંગે નીચે મુજબની કમિટીની રચના કરવી.**

**(૧) પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ**
**(૨) ડૉ. મેહુલભાઈ રૂપાણી**
**(૩) ડૉ. ગીરીશભાઈ ભીમાણી**
**(૪) ડૉ. ભરતભાઈ રામાનુજ**
**(૫) ડૉ. વિમલભાઈ પરમાર**
**(૬) ડૉ. નીદતભાઈ બારોટ**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૪" તરીકે આ સાથે સામેલ છે)**

૩૫ પી.જી.ટી. આર. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના યુ.જી.સી. (Minimum Standards and Procedure for Award of M.Phil./Ph.D. Degrees) Regulation, 2009 અનુસાર ઘડાયેલ ઓર્ડીનાન્સ, યુ.જી.સી. રેગ્યુલેશનની કલમ-૫ અને યુ.જી.સી.ની તા:-૬/૭/૨૦૧૫ની સ્પષ્ટતા ધ્યાને લઈ વિદ્યાર્થીઓએ પીએચ.ડી. યુ.જી.સી.ના 2009ના રેગ્યુલેશન અનુસાર કરેલ છે તે મતલબના પ્રમાણપત્ર આપવા વિચારણા કરવા બાબત.

નોંધ-: સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી યુ.જી.સી.ના પીએચ.ડી. અંગેના ૨૦૦૯ના રેગ્યુલેશન અનુસારના ઘડાયેલ ઓર્ડિનાન્સ હેઠળ નોંધાયેલ અને પીએચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કરેલ હોય તેવા વિદ્યાર્થીઓ હાલમાં તેઓને નોકરી માટે અરજી કરવાની હોય તેઓએ પીએચ.ડી. યુ.જી.સી.ના પીએચ.ડી. અંગેના ૨૦૦૯ના રેગ્યુલેશન અનુસાર કરેલ છે તે મતલબનું પ્રમાણપત્ર આપવા માટે રજુઆત કરે છે.

યુ.જી.સી.ના ૧ જૂન ૨૦૦૯ના રેગ્યુલેશનની કલમ ૫ અનુસાર ડીસ્ટન્સ એજ્યુકેશન મોડમાં પીએચ.ડી.નો પ્રોગ્રામ ચલાવી નહી શકાય તેવી સ્પષ્ટતા કરવામાં આવી છે. યુનિવર્સિટી ઓર્ડીનાન્સમાં પીએચ.ડી.ના પ્રોગ્રામનો કોઈ મોડ દર્શાવવામાં આવેલ નથી.

યુ.જી.સી.ના પીએચ.ડી. અંગેના ૨૦૦૯ના રેગ્યુલેશન બાબતે યુ.જી.સી. દ્વારા તેના તા:-૦૬/૦૭/૨૦૧૫ના પત્રથી સ્પષ્ટતા કરવામાં આવેલ છે તે અનુસાર પીએચ.ડી.ના માર્ગદર્શક યુનિવર્સિટી કે યુનિવર્સિટી સંલગ્ન પી.જી.કોલેજ/સંસ્થાના રેગ્યુલર ફેકલ્ટી મેમ્બર હોવા જોઈએ અને માર્ગદર્શક યુનિવર્સિટી કે યુનિવર્સિટી સંલગ્ન પી.જી.કોલેજ/સંસ્થાના રેગ્યુલર ફેકલ્ટી મેમ્બર ન હોય તો તે યુ.જી.સી.ના પીએચ.ડી. અંગેના ૨૦૦૯ના રેગ્યુલેશનનો ભંગ ગણાશે. આ સ્પષ્ટતાની જાણ યુનિવર્સિટીના ભવનોના અધ્યક્ષશ્રીઓને, સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને અમલ કરવા માટે આ વિભાગના તા:-૨૮/૦૭/૨૦૧૫ના પરિપત્ર દ્વારા કરવામાં આવેલ છે.

યુનિવર્સિટીના પીએચ.ડી. અંગેના ઓર્ડીનાન્સની કલમ ૧૧માં વિદ્યાર્થીઓને યુ.જી.સી.ના પીએચ.ડી. અંગેના ૨૦૦૯ના રેગ્યુલેશનની જોગવાઈઓ અનુસાર પીએચ.ડી. કરેલ છે તેવું પ્રમાણપત્ર આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે.

યુનિવર્સિટી ઓર્ડીનાન્સમાં પીએચ.ડી. પ્રોગ્રામના મોડ અંગે કોઈ સ્પષ્ટતા ન હોય તેમજ કેટલાંક વિદ્યાર્થીઓએ પોતાનો પીએચ.ડી.નો અભ્યાસ યુનિવર્સિટી સંલગ્ન યુ.જી. કોલેજોમાં અને યુનિવર્સિટી માન્ય અનુસ્નાતક સંશોધન કેન્દ્રોમાં ફરજ બજાવતાં માર્ગદર્શકો હેઠળ પૂર્ણ કરેલ છે તેવાં વિદ્યાર્થીઓને યુ.જી.સી.ના પીએચ.ડી. અંગેના ૨૦૦૯ના રેગ્યુલેશનની જોગવાઈઓ અનુસાર પીએચ.ડી. કરેલ છે તેવું પ્રમાણપત્ર

આપવું કે કેમ ? તે બાબત પર વિચારણા કરવા બાબત.

RDC સમયે જુદા જુદા માર્ગદર્શકશ્રીઓ પાસેથી ઉપલબ્ધ જગ્યાઓની માહિતી પી.જી. વિભાગ દ્વારા મંગાવી માન્ય Ph.d. માર્ગદર્શકશ્રીઓની યાદી અને ઉપલબ્ધ બેઠકોની માહિતી પી.જી. વિભાગ દ્વારા ભવનને પૂરી પાડવામાં આવે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી દ્વારા Ph.D. રેગ્યુલર મોડમાં જ ચલાવવામાં આવે છે અને માર્ગદર્શકોની ફાળવણી યુ.જી.સી.નાં નિયમો મુજબ કરવામાં આવે છે તે ધ્યાને લેતા ઓર્ડીનન્સમાં Ph.D. 11માં કરવામાં આવેલી જોગવાઈ અનુસાર કાર્યવાહી કરવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૫" તરીકે આ સાથે સામેલ છે)**

૩૬ મહેકમ-બ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કોન્ટ્રાક્ટ બેઇઝ કર્મચારીઓની સંયુક્ત સહીથી તા.૨૪/૦૫/૨૦૧૮ની પગાર વધારાની રજૂઆત તેમજ તેમની તા.૨૮/૦૫/૨૦૧૮ ની ખાનગી એજન્સીમાં ટ્રાન્સફર ન કરવાની રજૂઆત મળેલ છે.

ઉપર્યુક્ત બાબત ધ્યાને લઇ જુદાજુદા વિભાગો/ભાવનો/સેન્ટરમાં કામ કરતા કોન્ટ્રાક્ટ બેઇઝ/ નિવૃત/સેલ્ફ ફાઈનાન્સ/સ્કીમના કર્મચારીના મહેનતાણાના દરમાં વધારો કરવા તથા તેમની સેવા આઉટસોર્સિંગ એજન્સી મારફત લેવામાં આવે છે તે બાબતે વિચારણા કરવા બાબત.

નોંધ:- ૧. કોન્ટ્રાક્ટ બેઇઝના પગાર વધારાની સમિતિએ પોતાના તા.૨૮/૧૨/૨૦૧૫ના અહેવાલમાં સિન્ડીકેટને નીચે મુજબની પણ ભલામણ કરેલ છે.
"સદર મહેનતાણા સંદર્ભે અગામી ડીસેમ્બર-૨૦૧૭ માં સમીક્ષા કરવી".

મહેકમ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૬ ના પરિપત્ર નં.મહેકમ /બ/૭/૧૧૪૩/૨૦૧૭ થી કોન્ટ્રાક્ટ બેઈઝ/નિવૃત/ફિક્સ પગારી/સેલ્ફ ફાઈનાન્સ/સ્કીમના કર્મચારીઓના તા.૦૧/૦૧/૨૦૧૬ થી ૧૭% નો વધારો ઉપરાંત ૦૩ વર્ષ થયે ૫૦૦ રૂપિયા, ૬ વર્ષ થયે ૧૦૦૦ રૂપિયા અને ૯ વર્ષ પૂર્ણ થયે ૧૫૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવેલ છે.

હાલ કોન્ટ્રાક્ટ બેઈઝ/ ફિક્સ પગારી/ નિવૃત/સેલ્ફ ફાઈનાન્સ/સ્કીમ ના કર્મચારીઓની યાદી પરિશિષ્ટ તરીકે આ સાથે સામેલ છે.

૨. હાલ યુનિવર્સીટીમાં ૧૧ માસના કરાર આધારિત અંદાજે ૪૧૨ જેટલો છે જેમાં સેલ્ફ ફાઈનાન્સ ધોરણે તથા પરિક્ષા પ્લેસમેન્ટ એન્ડ ટેમ્પરેરી સ્ટાફ પે ખાતે જેમનો ખર્ચ ઉધારવા માં આવે છે તેનો સમાવેશ થાય છે .

ગુજરાત સરકાર દ્વારા શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક સરય /૧૩૧૧ /૮૬૭૨૪૦/ ખ તા.૦૯/૦૬/૨૦૧૫ થી કુલ ૩૦ જગ્યાઓ આઉટ સોર્સીંગ થી ભરવાની મંજૂરી આપેલ છે જે અન્વયે હાલ આ જગ્યાની સેવાઓ આઉટ સોર્સિંગ એજન્સી મારફત લેવામાં આવે છે અને સ્ટેચ્યુટરી બેનીફીટ પણ આપવામાં આવે છે.

તા.૦૧/૦૧/૨૦૧૮ કે ત્યાર બાદ નવા આવનારા સ્ટાફની સેવા આઉટ સોર્સિંગ એજન્સી મારફત  લેવામાં આવે છે.

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનના એકટ ૧૯૫૨ મુજબ ૨૦ કે તેથી વધુ કર્મચારીઓ કોઈપણ સંસ્થા માં કાર્ય કરતા હોય તેમનું પ્રોવિડન્ટ ફંડ કાપવું ફરજીયાત છે . એક્ટ માં નીચે મુજબ જોગવાઈ છે.

"The Employees Provident Fund & Miscellaneous Provisions Act,1952 is applicable to any factory / establishment employing 20 or more employees directly or indirectly through a Contractor. Workers employed in such establishment are provided the following Social Security benefits undr the Act:

01 Provident Fund under the Employees provident Fund Scheme,1952

02 Pension under the Employees Pension Scheme,1995

03 Insurance under the Employees Deposit Linked Insurance Scheme,1976"

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન દ્વારા ભૂતકાળ માં યુનિવર્સીટી દ્વારા કોન્ટ્રાક્ટ બેઇઝ સ્ટાફ નું પ્રોવિડન્ટ ફંડ ના કપાતું હોય તે ચાલુ કરવા અંગે નોટીસ પાઠવેલ છે અને તેમણે તા.૦૧/૦૪/૨૦૦૯ થી ૩૧/૧૨/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન ના કોન્ટ્રાક્ટ બેઇઝ સ્ટાફના પ્રોવિડન્ટ ફંડની સંસ્થા ફાળાની રકમ કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનને જમા કરાવવા જાણ કરેલ અને ત્યારબાદ તેમણે વખતો વખત આ બાબતે રૂબરૂ કે અપીલ દ્વારા તે અંગે શું કાર્યવાહી કરેલ છે તે જણાવવા જાણ કરેલ છે. હાલ આ બાબત કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન ખાતે પડતર છે.

આ બાબત યુનિવર્સિટીની તા.૧૯/૦૬/૨૦૧૭ ની ફાઈનાન્સ કમીટી સમક્ષ મુકવામાં આવેલ જેમાં ઠરાવ નં.૪ થી નીચે મુજબ ઠરાવવા માં આવેલ છે. જે સિન્ડીકેટની તા.૨૪/૦૮/૨૦૧૭ની સભાના ઠરાવ નં.૧૪ થી મંજુર કરવામાં આવેલ છે.

" આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સીટીના કોન્ટ્રાક્ટ બેઇઝ સ્ટાફના પ્રોવિડન્ટ ફંડનો સંસ્થા ફાળો જમા કરાવવાનો અભ્યાસ કરવા નીચેના ત્રણ સભ્યોની સમિતિની રચના કરવી અને તેનો રિપોર્ટ આવ્યા બાદ ફાઈનાન્સ સમિતિમાં વિચારણા અર્થે રજુ કરવી."

ફાઈનાન્સ સમિતિ દ્વારા નિમાયેલી ત્રણ સભ્યોની સમિતિની તા.૧૦/૦૪/૨૦૧૮ ની બેઠકમાં નીચે મુજબ નિર્ણય થયેલ છે.

"રાજ્ય સરકારશ્રીમાં બોર્ડ/નિગમો/કોર્પોરેશન તથા સ્વાયત સંસ્થાઓમાં કોન્ટ્રાક્ટના ધોરણે ટેન્યોર બેઇઝ જે જગ્યાઓ ભરવામાં આવે તેના પગારમાંથી ***E.P.F.*** ની કપાત કરવા અંગે કઈ પ્રથા અમલમાં છે તે અંગે રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ પાસે માર્ગ દર્શન મેળવવું".

ઉપરોક્ત તા.૧૦/૦૪/૨૦૧૮ની બેઠકમાં થયેલ નિર્ણય મુજબ મહેકમ વિભાગના તા.૦૮/૦૫/૨૦૧૮ ના પત્ર નં.મહેકમ/બ/૬/૧૧૫/૨૦૧૮ થી શિક્ષણ વિભાગ, ગાંધીનગર પાસે માર્ગદર્શન માંગવામાં આવેલ છે, જે સરકારશ્રી કક્ષાએ હાલ વિચારાધીન છે. દરમ્યાનમાં તા.૦૯/૦૫/૨૦૧૮ની ફાઈનાન્સ સમિતિમાં નીચે મુજબની ચર્ચા કરવામાં આવેલ હતી.

બાંધકામ વિભાગમાં સિક્યુરિટીનો કોન્ટ્રાક્ટ આઉટસોર્સિંગ એજન્સીને આપવામાં આવેલ જેમાં એજન્સી કોઈ સિક્યુરીટી ગાર્ડનું પ્રોવિડન્ટ ફંડ જમા ન કરાવવાના કિસ્સામાં કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન દ્વારા નોટીસ આપવામાં આવેલ અને વખતો વખત કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન દ્વારા હિયરિંગ પણ રાખવામાં આવેલ. તા.૦૫/૦૪/૨૦૧૮ ના રોજ કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું બેંક એકાઉન્ટ પણ સિઝ કરવામાં આવેલ બાદમાં આ સંદર્ભમાં યુનિવર્સિટી દ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટમાં તેમાં સ્ટે મેળવવામાં આવેલ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં પણ આ કેસ પડતર છે.

તા.૦૯/૦૫/૨૦૧૮ ની ફાઈનાન્સ સમિતિની આઇટમ નં.૫ માં નીચે મુજબ ઠરાવ થયેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે કમીટીના અહેવાલની નોંધ લેવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સીટીમાં સાઈ સિક્યુરિટી દ્વારા ભૂતકાળમાં બજાવવામાં આવેલી કામગીરીમાં ***EPF*** માં જરૂરી રકમ જમા ન કરાવવાના કારણે ***EPF*** કચેરી દ્વારા તાજેતરમાં કરવામાં આવેલ કાર્યવાહીથી જે પ્રશ્નો ઉપસ્થિત થયેલ છે તે ધ્યાને લેતા નીચે મુજબ નિર્ણય ઠરાવવામાં આવે છે.

૧. યુનિવર્સિટી ખાતે કોન્ટ્રાક્ટ બેઇઝ બિન શૈક્ષણિક ફરજ બજાવતા (નિવૃત સિવાયના) પ્લેસમેન્ટ કર્મચારીઓની સેવા આઉટ સોર્સીંગ એજન્સી મારફત લેવી.

૨. હાલ આ કર્મચારીઓને જે પગાર મળતો હોય તે અથવા લઘુતમ વેતન બે પૈકી જે વધુ હોય તે પગાર નિયત કરવો.

૩. ઉપરોક્ત (૨) માં દર્શાવેલ ચુકવણામાંથી નિયમાનુસારથી ***Statutory*** કપાતો કરવી અને સંસ્થા ફાળાની રકમ એજન્સી મારફત કર્મચારીના ***EPF*** ખાતામાં જમા થાય તે સુનિશ્ચિત કરવું.

૪. કોન્ટ્રાક્ટ બેઇઝ કર્મચારીઓના પગાર સુધારણા સંબંધે સદરહુ બાબત પણ વિચારણામાં લેવી.

૫. યુનિવર્સિટી ખાતે ફરજ બજાવતા કોન્ટ્રાક્ટ બેઇઝ શિક્ષણ કર્મચારીઓના પગારમાંથી ***EPF*** એક્ટની જોગવાઈ અનુસાર આવશ્યક હોય તો ***Statutory Minimum***કપાતો કરવી અને સંસ્થા ફાળાની રકમ યુનિવર્સિટીએ ભોગવવી અને ***EPF*** ખાતામાં તે રકમ જમા થાય તે સુનિશ્ચિત કરવું.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતનો તાત્કાલિક અમલ કરવા સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ અમલ કરવો".

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠનને તેમના તા.૧૫/૦૩/૨૦૧૮ ના પત્રમાં નીચે મુજબ જાણ કરેલ છે.

Your attention is also invited to provisions of Section 32 of the Civil Procedure Code where by the undersigned can initiate any of the following process to enforce to production of summoned records and the attendance of the responsible persons of the establishment in 7A proceedings:

"32 The Court May compel the attendance of any persons to whom a summons has been issued under Section 30 and for that purpose may:

(A) Issue a warrant for arrest
(B) Attach and sell his property
(C) Impose a fine upon him (not exceeding Five Thousand Rupees)
(D) Order him to furnish security for his appearance and default commit him to Civil Prison.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જુદાજુદા વિભાગો/ભવનો/સેન્ટરમાં કામ કરતા કોન્ટ્રાક્ટ બેઇઝ/સેલ્ફ ફાઈનાન્સ/સ્કીમના કર્મચારીઓની તા.૧૬-૦૫-૨૦૧૮ થી આઉટસોર્સિંગ એજન્સી મારફત સેવા લેવામાં આવે છે.

**આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જુદાજુદા વિભાગો/ભવનો/ સેન્ટરમાં કામ કરતા કોન્ટ્રાક્ટ બેઇઝ/સેલ્ફ ફાઈનાન્સ/સ્કીમના કર્મચારીઓની આઉટસોર્સિંગ એજન્સી મારફત સેવા લેવામાં આવે છે. તેઓની સેવાઓ સીધી કન્સલ્ટન્ટ, વોલેન્ટિયર્સ વગેરે તરીકે લઈ શકાય કે કેમ ? તે અંગે લેબર લોઝના નિષ્ણાંત એડવોકેટ શ્રી યોગેશભાઈ રાજ્યગુરૂનો અભિપ્રાય મેળવવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે દરેક વિભાગનું મૂળ મહેકમ કેટલું છે ? તેની વિગતો લઈ હાલમાં કેટલાં કેટલાં કર્મચારીઓ ફરજ બજાવે છે તેની સમીક્ષા કરી ફાળવણી કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જે કરાર આધારિત કર્મચારી એક જ વિભાગમાં ૦૨ કરતા વધુ વર્ષથી ફરજ બજાવતા હોય તેઓને અન્ય વિભાગમાં ફાળવવા વિચારી શકાય. જે અંગે માન.કુલપતિશ્રીને સતા આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે કરાર આધારિત કર્મચારીઓનાં મહેનતાણાનાં દર સુધારવા માટે નીચે મુજબની કમિટીની રચના કરવી.**

**(૧) ડૉ. ભાવિનભાઈ કોઠારી**
**(૨) ડૉ. નેહલભાઈ શુકલ**
**(૩) ડૉ. પ્રતાપસિંહ ચૌહાણ**
**(૪) ડૉ. ગીરીશભાઈ ભીમાણી**
**(૫) ડૉ. ધરમભાઈ કાંબલીયા**
**(૬) ડૉ. ભરતભાઈ રામાનુજ**
**(૭) ડૉ મેહુલભાઈ રૂપાણી**

૩૭ મહેકમ-બ — નવી વર્ધિત પેન્શન યોજના અંગે (૧) અગાઉ ઘડવામાં આવેલ સ્ટેચ્યુટ-૨૨૦ રદ કરી નવેસરથી સ્ટેચ્યુટ-૨૨૦ ઘડવા બાબત તથા (૨) નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના કર્મચારીઓ/અધિકારીઓને મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેચ્યુઈટીનો લાભ આપવા બાબતે સ્ટેચ્યુટ-૨૨૦ ***A*** ઘડવા બાબત.

નોંધ:- (૧) ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી મુજબ તા.૦૧/૦૪/૨૦૦૫ના રોજથી કે ત્યારબાદ નિમણુંક પામનાર કર્મચારીઓ/અધિકારીઓને (શૈક્ષણિક અને બિન શૈક્ષણિક) નવી નક્કી કરેલ વર્ધિત પેન્શન યોજના ***(New Defined Contributory Pension Scheme)*** ફરજીયાત રીતે લાગુ પડે છે. આ ઠરાવમાં આ યોજના સંદર્ભે કરવામાં આવેલ જોગવાઈઓ દર્શાવવામાં આવેલ છે.

આ યુનિવર્સીટીમાં તા.૦૧/૦૪/૨૦૦૫ના રોજ કે ત્યારબાદ નિમણુંક પામેલ કે પામનાર કર્મચારીઓને ઉક્ત નવી વર્ધિત પેન્શન યોજના ***(New Defined Contributory Pension Scheme)*** લાગુ પાડવા માટે તા.૦૨/૧૨/૨૦૦૬ ના રોજ મળેલ સેનેટની ખાસ સભામાં સ્ટેચ્યુટ-૨૨૦ નીચેના સ્વરૂપે મંજુર કરવામાં આવેલ છે.

***Statute-220*** (જે ઘડવામાં આવેલ છે) (જે હવે રદ કરવાનો થાય છે)

*Notwithstanding anything contained elsewhere for the University employees who has joined the service of this University as a new employee after 1-4-2005 shall be governed under the New Defined Contribution Pension Scheme according to the provision of Government Resolution No.NPN-2004-GOI-10-P Dt.18-3-2005 and as amended by Government of Gujarat from time to time. For the purpose of this Statute,the provision of Statute No.159,160,161,162,163,164,165,,165-A,166,167, 167-A,168,169, 170,171, 172,173,218,and 219 be modified accordingly.*

ઉપર્યુક્ત સ્ટેચ્યુટ મંજુર કરવા માટે અત્રેથી માનનીય કુલાધિપતિશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ છે. આ અંગેની છેલ્લી સ્થિતિ મુજબ માનનીય કુલાધિપતિશ્રીના કાર્યાલયમાંથી તા.૧૫/૧૦/૨૦૧૨ના પત્રથી અગ્રસચિવશ્રી, શિક્ષણ વિભાગ,ગાંધીનગરનો અભિપ્રાય માંગવામાં આવેલ છે.

ઉપરની હકીકતે હજુ સુધી ઉક્ત સ્ટેચ્યુટમંજુર થયેલ નથી. અત્રેથી તૈયાર કરવામાં આવેલ ઉપર્યુક્ત સ્ટેચ્યુટ-૨૨૦ માં જે સ્ટેચ્યુટ-૧૫૯, ૧૬૦, ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૬૪, ૧૬૫, ૧૬૫-એ, ૧૬૬, ૧૬૭, ૧૬૭-એ, ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨, ૧૭૩, ૨૧૮ અને ૨૧૯માં તે મુજબ સુધારા કરવાનું સૂચવવામાં આવેલ છે પરંતુ આ સ્ટેચ્યુટસ તેના હેતુ માટે સ્વતંત્રતા ધરાવે છે અને તેથી તે નવી નક્કી કરેલ વર્ધિત પેન્શન યોજના ***(New Defined Contributory Pension Scheme)*** સાથે સુસંગત થતું નથી, કારણકે ઉક્ત સ્ટેચ્યુટમાં તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા પરંતુ તા.૧૯/૦૨/૧૯૮૫ સુધીમાં યુનિવર્સિટીની નોકરીમાં જોડાયા છે. તેઓ માટે પ્રોવિડન્ટ ફંડ,ગ્રેચ્યુઈટી,લોન,અંતિમ ઉપાડ, જૂની પેન્શન સ્કીમ ઈત્યાદી માટે જોગવાઈઓ કરવામાં આવેલ છે. તેથી તેમાં નવી વર્ધિત પેન્શન યોજનાના સંદર્ભ સુધારા થઇ શકે નહી કારણ કે આ નવી વર્ધિત પેન્શન યોજના બિલકુલ નવા સ્વરૂપની છે જેમાં સ્તર-૧ ***(Tier-I)*** અને સ્તર-૨ ***(Tier-II)*** મુજબ ફાળાની જોગવાઈ કરવામાં આવી છે

સ્તર-૧ માં ફાળો આપવો ફરજીયાત છે. જ્યારે સ્તર-૨ વૈકલ્પિક અને કર્મચારીઓના સ્વવિવેક પર આધારિત છે. ઉપરાંત સ્તર-૨ ની પદ્ધતિ હમણાં ચાલુ કરવામાં આવશે નહી તેવું ઉપર્યુક્ત ઠરાવમાં દર્શાવવામાં આવેલ છે.

ઉપરની વિગતે તા.૦૨/૧૨/૨૦૦૬ના રોજ મળેલ સેનેટની સભામાં ***Statute-220*** જે સ્વરૂપે થયેલ છે, તેમાં સૂચવવામાં આવેલ સ્ટેચ્યુટ નં.૧૫૯, ૧૬૦, ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૬૪, ૧૬૫, ૧૬૫-એ, ૧૬૬, ૧૬૭, ૧૬૭-એ, ૧૬૮, ૧૬૯, ૧૭૦, ૧૭૧, ૧૭૨, ૧૭૩, ૨૧૮ અને ૨૧૯ માં સુધારા કરવા જરૂરી નથી. આથી સ્ટેચ્યુટ-૨૨૦ નીચે મુજબ ઘડવાનો રહે.

***Statute-220*** **(જે ઘડવાપાત્ર થાય છે)**

*Notwithstanding anything contained elsewhere for the University employees both teaching and non-teaching who have joined the service of this University as a new employee on or after 1-4-2005 shall be governed under the New Defined Contributory Pension Scheme according to the provision of Government Resolution No.NPN-2003-GOI-10-P Dt.18-3-2005 and as amended by the Government of Gujarat from time to time.*

ઉપરની હકીકતે માનનીય કુલાધિપતિશ્રીને મોકલવામાં આવેલ સ્ટેચ્યુટ-૨૨૦ રદ કરવાનો થાય અને ઉપર દર્શાવ્યા મુજબ સ્ટેચ્યુટ-૨૨૦ ઘડવાનો થાય.

(૨) બાદમાં સરકારશ્રીના નાણા વિભાગના તા.૨૪/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦ -પી થી રાજ્ય સરકારના નવી વર્ધિત પેન્શન યોજના ***(NPS)*** હેઠળના કર્મચારીઓ/અધિકારીઓને મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીનો લાભ આપવા જોગવાઈ કરવામાં આવેલ છે.

ઉપર્યુક્ત જોગવાઈનો લાભ આ યુનિવર્સીટીના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ કે જેઓને નવી વર્ધિત પેન્શન યોજના ***(NPS)*** હેઠળ નિમણુંક આપવામાં આવેલ છે તેઓને મળવાપાત્ર બને.

આ અંગેનો પણ નવો સ્ટેચ્યુટ ઘડવાનો રહે જે સ્ટેચ્યુટ -૨૨૦ ***A*** નીચે પ્રમાણે ઘડવાનો થાય.

***STATUTE 220 A***

*The employees of this University both teaching and non-teaching who have joined the service under New Defined Contribution Pension Schem shall be governed by the Death cum Retirement Gratuity according to the provision of Government Resolution of Finance Department No.NPN-2003-GOI-10-P, Dt.20-10-2017 and as amended by Government of Gujarat from time to time.*

(૩) આ બાબતે તા.૧૩/૦૩/૨૦૧૮ ના રોજ મળેલ સિન્ડીકેટની સભાના ઠરાવ નં.૨૪ થી નીચે મુજબ ઠરાવ થયેલ છે.

" આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત દર્શાવ્યાનુસાર Statute 220 સુધારવા અને નવા Statute 220 A મંજુર કરવા સેનેટને ભલામણ કરવી."

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત દર્શાવ્યાનુસાર Statute 220 સુધારવા અને નવા Statute 220 A મંજુર કરવા સેનેટને ભલામણ કરવી.**

૩૮ મહેકમ-બ ઓર્ડીનન્સ-૧૮૬ મુજબની બિન-શૈક્ષણિક કર્મચારીઓ માટેની રચાયેલ જોઇન્ટ કન્સલ્ટેટીવ કમીટીમાં ઓર્ડીનન્સ-૧૮૬,૨(સી) હેઠળ સિન્ડીકેટના ૩ સભ્યશ્રીઓ તથા ઓર્ડીનન્સ-૧૮૬ ૨ (ડી) હેઠળ સેનેટના ૨ સભ્યશ્રીઓની નિમણુંક કરવા બાબત.

નોંધ:- (૧) ઓર્ડીનન્સ ૧૮૬- ૨ (સી) માં નીચે મુજબ જોગવાઈ છે.
***"Three members of the Syndicate nominated by the Syndicate each of whom shall function for a period of one years"***

(૨) ઓર્ડીનન્સ ૧૮૬- ૨ (ડી) માં નીચે મુજબ જોગવાઈ છે.
***"Two members of the Senet (Not being members of the Syndicate) niminated by the Syndicate each of whom shall funcation for a priod of one year"***

(૩) આ નિમણુંક જોગવાઈ મુજબ એક વર્ષ પુરતી છે.

(૪) ગત વર્ષ દરમ્યાન નીચે મુજબના સભ્યશ્રીઓની નિયુક્તિ કરવામાં આવેલ.

| સિન્ડીકેટ સભ્યશ્રીઓ | સેનેટ સભ્યશ્રીઓ |
|---|---|
| (૧) શ્રી જે.પી.જેસ્વાની | (૧) ડો. સુભાષ ડી.મોરી |
| (૨) શ્રી હરદેવસિંહ જાડેજા | (૨) ડો. રાજેશ કાલરીયા |
| (૩) શ્રી અનિરુધ્ધસિંહ પઢીયાર | |

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે માન.કુલપતિશ્રીને સત્તા આપવી.**

૩૯ મહેકમ-બ શ્રી દાનેવારીયા અને અન્ય વિરુધ્ધ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી *SCA No.3615/2014* ના ચુકાદા સંદર્ભે સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૧-૦૬-૨૦૧૮ નો પત્ર નં.સરચ/૨૩૧૭/૧૪૪/ખ-૨ અંગે વિચારણા કરવા બાબત.

**નોંધ:- (૧)** ઉક્ત પત્રમાં જણાવવામાં આવેલ છે કે નામદાર હાઇકોર્ટમાં દાખલ થયેલ *SCA No.3615/2014* શ્રી દાનેવારીયા વિરુદ્ધ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના કેસમાં તા.૧૨/૦૯/૨૦૧૭ના ચુકાદા અન્વયે વિભાગના સરખા ક્રમાંકના

તા.૧૫/૦૧/૨૦૧૮ના પત્રથી શ્રી દાનેવારીયાને ચુકવણું કરવા જણાવેલ હતું. શ્રી દાનેવારીયાને ચુકવણું ન કરતા કન્ટેમ્પ્ટ દાખલ થયેલ છે.

યુનિવર્સિટીના હિસાબો જોતા યુનિવર્સીટી પાસે ૩૧ માર્ચ ૨૦૧૭ ના રોજ પૂર્ણ થતા વર્ષના અંતે નીચે મુજબની રકમની બચત હોવાનું જણાયેલ છે.

| રકમ | બચત |
|---|---|
| રૂ.૨,૩૨,૭૯,૫૯,૯૪૧ | રોકાણ |
| રૂ.૩૬,૯૧,૯૫,૮૬૯.૧૩ | વણ-વપરાયેલી રાજ્ય સરકારની સ્પેશિયલ ગ્રાન્ટ |
| રૂ. ૪,૨૨,૮૦,૦૬૮.૭૧ | ડીપોઝીટ |
| રૂ.૨,૭૩,૯૪,૩૫,૮૭૮.૮૪ | કુલ |

તથા હિસાબોનો વધુ અભ્યાસ કરતા એ પણ ધ્યાને આવેલ છે કે ***Income-Expenditure Account*** પ્રમાણે નીચે મુજબના પેન્શન તથા ગ્રેજ્યુઈટી ચુકવવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| ***(1)*** | ***Office Administrative Staff*** | ***Rs.3001143*** |
| ***(2)*** | ***Examination Staff*** | ***Rs.46625*** |
| ***(3)*** | ***P.G. Department Administrative Staff Salary*** | ***Rs.110748*** |
| ***(4)*** | ***Library Staff*** | ***Rs.0*** |
| ***(5)*** | ***Health Centre*** | ***Rs.0*** |

યુનિવર્સીટી દ્વારા આ જગ્યા રાજ્ય સરકારની પરવાનગી વિના ભરેલ છે. જેથી શ્રી દાનેવારીયા તથા અન્યોને પેન્શન સહિતના તમામ લાભો યુનિવર્સિટીએ ચુકવવાના થાય એવું અગાઉ પણ વિભાગના તા.૧૫-૦૧-૨૦૧૮ના પત્રથી જણાવવામાં આવેલ હતું. જેનો આપની યુનિવર્સિટી દ્વારા આજ દિન સુધી અમલ કરવામાં આવેલ નથી. આથી વિભાગ દ્વારા શ્રી દાનેવારીયા તથા અન્યોને નામદાર હાઇકોર્ટના ચુકાદા મુજબ યુનિવર્સિટી દ્વારા જ ચુકવણું કરવા આદેશ કરવામાં આવે છે જેનો અમલ દિન-૩ માં કરીને અત્રે વિભાગને જાણ જણાવેલ છે.

આ કાર્યાલય દ્વારા  શિક્ષણ વિભાગના તા.૧૫-૦૧-૨૦૧૮ ના પત્રના સંદર્ભે તથા નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદા સંદર્ભે જરૂરી મંજૂરી આપવા શિક્ષણ વિભાગ/ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,ગાંધીનગરને ઘણી જ દરખાસ્તો કરવામાં આવેલ છે પરંતુ સરકારશ્રી તરફથી મંજૂરી મળેલ નથી.

આ બાબત યુનિવર્સિટીની સિન્ડીકેટની તા.૧૩-૦૩-૨૦૧૮ની સભામાં વિચારણા માટે મુકવામાં આવતા તેમાં નીચે મુજબ ઠરાવ થયેલ છે.

<u>ઠરાવ નં.૨૫</u>
"આથી ઠરાવવામાં આવે છે કે કર્મચારીઓને નિવૃતિના લાભો આપવા માટેની કોઈ જોગવાઈ યુનિવર્સિટી પાસે ન હોય અને જોગવાઈ થઇ શકે તેમ પણ ન હોય માન. રાજ્ય સરકારશ્રીને પુનઃ વિચારણા માટે દરખાસ્ત કરવી".

ઉપર્યુક્ત ઠરાવના સંદર્ભે પણ દરખાસ્ત કરવામાં આવેલ પરંતુ સરકારશ્રી તફથી આ બાબતે મંજૂરી મળેલ નથી.

**સદરહું બાબતની વિચારણા હાથ ધરવામાં આવતા કુલસચિવ દ્વારા સભાનું ધ્યાન દોરવામાં આવેલ હતું કે સંદર્ભિત બાબતે નામદાર હાઈકોર્ટની અવમાનનાનો કેસ થયેલ છે અને માન. રાજ્ય સરકારશ્રી દ્વારા ચૂકવણું કરવા માટે હુકમ કરી તેનો અમલ કરી ૦૩ દિવસમાં જાણ કરવા જણાવેલ છે. જે અનુસાર ન કરવામાં આવે તો કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટનો પ્રશ્ન ઉપસ્થિત થશે.**

**સમગ્ર બાબતની ગંભીર અને ગહન વિચારણાનાં અંતે ઠરાવવામાં આવે છે કે સંદર્ભિત કર્મચારીઓની સેવાઓ નિયમિત કરવા અંગે અવાર-નવાર માન.રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ જે પરત્વે માન.રાજ્ય સરકારશ્રી દ્વારા કઈ માન્ય જગ્યાઓ સામે સમાવેશ થઈ શકે તેમ છો ? તેવી પૃચ્છા કરવામાં આવતાં તેની (વર્ગ-૪ની) માહિતી મોકલવામાં આવેલી હતી પરંતુ તે અન્વયે કોઈ મંજૂરી મળેલી ન હતી અને તે જગ્યાઓ માન.રાજ્ય સરકારશ્રી દ્વારા રદ કરવામાં આવેલી છે. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓની સંખ્યા, કોલેજોની સંખ્યા, ભવનોની સંખ્યા વગેરે ધ્યાને લેતા યુનિવર્સિટીનું કાર્યભારણ અનેકગણુ વધવા છતાં રાજ્ય સરકારશ્રી દ્વારા વખતો વખત અનેક જગ્યાઓ રદ કરવામાં આવેલ છે અને તે કારણોસર આઉટ સોર્સિંગનાં માધ્યમથી પરીક્ષા ફંડમાંથી સેવાઓ લેવામાં આવે છે પરંતુ નિવૃતિના લાભો જેવા કે ગ્રેચ્યુઈટી, રજા પગાર તથા કાયમી ધોરણે પેન્શન ચૂકવવા માટે યુનિવર્સિટી પાસે કોઈ ફંડ ન હોય અને જે જમા ફંડ હોય તે નિશ્ચિત હેતુ માટે હોય તેમાંથી આવા લાભો ચૂકવી શકાય નહિ અને યુનિવર્સિટી દ્વારા ક્યારેય યુનિવર્સિટી સ્વભંડોળમાંથી ચૂકવવામાં આવેલ પણ નથી અને યુનિવર્સિટી આ આર્થિક ભારણ સ્વીકારી શકે તેમ પણ ન હોઈ માન.રાજ્ય સરકારશ્રી દ્વારા જ ચુકવવામાં આવે તે માટે આગ્રહપૂર્વક અનુરોધ કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહું બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં યુનિવર્સિટીનો પક્ષ રજૂ કરવા માટે સિનીયર એડવોકેટશ્રીની સેવાઓ લેવી.**

૪૦ મહેકમ-અ યુનિવર્સિટીના જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકોની મુદત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપ્યાની માનનીય કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

( નોંધ : -

| ક્રમ | અધ્યાપકશ્રીનું નામ | ભવનનું નામ | મુદત પૂર્ણ થયા તારીખ | મુદત લંબાવી આપ્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | હેતલ પટોળીયા | મનોવિજ્ઞાન | તા.૧૪/૦૫/૨૦૧૮ | તા.૧૪/૦૬/૨૦૧૮ થી તા.૧૩/૦૫/૨૦૧૯ |
| ૨ | યશવંત હીરાણી | પત્રકારીત્વ | તા.૧૪/૦૫/૨૦૧૮ | તા.૧૪/૦૬/૨૦૧૮ થી તા.૧૩/૦૫/૨૦૧૯ |
| ૩ | ફિનલ કચ્છી | આંકડાશાસ્ત્ર | તા.૦૨/૦૬/૨૦૧૮ | તા.૧૪/૦૬/૨૦૧૮ થી તા.૧૩/૦૫/૨૦૧૯ |
| ૪ | હીના બગડા | ફાર્મસી | તા.૧૭/૦૪/૨૦૧૮ | તા.૨૦/૦૪/૨૦૧૮ થી તા.૧૯/૦૩/૨૦૧૯ |
| ૫ | પ્રિયા પટેલ | ફાર્મસી | તા.૧૭/૦૪/૨૦૧૮ | તા.૨૦/૦૪/૨૦૧૮ થી તા.૧૯/૦૩/૨૦૧૯ |
| ૬ | કિરણ ચુડાસમા | બાયોસાયન્સ | તા.૧૪/૦૫/૨૦૧૮ | તા.૨૧/૦૫/૨૦૧૮ થી તા.૨૦/૦૪/૨૦૧૯ |
| ૭ | મિતલભાઈ કનેરીયા | બાયોસાયન્સ | તા.૧૪/૦૫/૨૦૧૮ | તા.૨૧/૦૫/૨૦૧૮ થી તા.૨૦/૦૪/૨૦૧૯ |

યુનિવર્સિટીના ઉપર દર્શાવેલ ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકશ્રીઓની મુદત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસરનો ૧૧ માસનો કરાર સમય પુરો થયા બાદ કરાર સીધો ન લંબાવતા જાહેરાત આપી ફરી પ્રક્રિયા કરવી.**

૪૧ પરીક્ષા બાહ્ય બાહ્ય પરીક્ષાના વિદ્યાર્થીઓએ પરીક્ષા આપતા પહેલા ભરેલ પરીક્ષાનું ફોર્મ રદ કરવા માંગતા હોય છે, તેમજ બાહ્ય પરીક્ષાના વિદ્યાર્થીઓએ આપેલ પરીક્ષા બાદ બાહ્ય પરીક્ષાનું રજીસ્ટ્રેશન રદ કરવા માંગતા હોય છે,જેની સંખ્યા હાલમાં ખુબ વધતી જતી હોય છે, અને આ કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ ન થાય તેવા સમયે તેઓ અન્ય અભ્યાસમાં પ્રવેશ મેળવી શકતા ન હોવાથી વિદ્યાર્થીઓ તાત્કાલિક રજીસ્ટ્રેશન રદ કરવા રજુઆતો કરતા હોય છે, આ

કામગીરી અન્ય વિભાગો સાથે સંકળાયેલી હોવાથી તેમજ વિધાર્થીઓની વધતી જતી સંખ્યાને કારને આ કામગીરી કેવામાં વિલંબ થતો હોય છે. બાહય પરીક્ષાના રજીસ્ટ્રેશન રદ કરવાની કામગીરી વિના મુલ્યે કરવામાં આવે છે, આ વિભાગની તા.૩૧/૦૩/૨૦૧૮ની નોંધ ઉપરના માન.કુલપતિશ્રીના આદેશ ઉપર બાહય પરીક્ષાના વિદ્યાર્થીઓના રજીસ્ટ્રેશન રદ કરવા માટેની ફી રૂ.૫૦૦/-નક્કી કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત આગામી તા.૨૮/૦૬/૨૦૧૮નાં રોજ મળનાર પરીક્ષા રિફોર્મ્સ સમિતિમાં રજૂ કરવી.**

૪૨ પરીક્ષા સેલ

પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટમાં માર્કશીટ વેરીફીકેશન અંગે તા.૩૧/૦૫/૨૦૧૮ રોજ માન.કુલપતિશ્રી, માન.કુલસચિવશ્રી, તથા સિન્ડિકેટ સભ્યોશ્રીઓ તથા આચાર્યશ્રીઓની એક મીટીંગ મળેલ તે અન્વયે એક કમિટીની રચના કરવામાં આવેલ અને તે કમિટીની મીટીંગ તા.૦૧/૦૬/૨૦૧૮ના રોજ મળેલ હતી. તે કમિટિ એ સર્વાનુમતે જે ભલામણો કરેલ છે તેના પર વિચારણા કરવા અંગે.

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત કમિટીની મિટીંગ તા.૦૧/૦૬/૨૦૧૮ના રોજ મળેલ જેના મુદ્દા નં. ૧ અને ૨ મંજૂર કરવા અને અન્ય બાબતો આગામી તા.૨૮/૦૬/૨૦૧૮નાં રોજ મળનાર પરીક્ષા રિફોર્મ્સ સમિતિમાં રજૂ કરવી.**

**(નોધ:- કમિટીની તા.૦૧/૦૬/૨૦૧૮ ની ભલામણો પરિશિષ્ટ "૧૬" તરીકે આ સાથે સામેલ છે)**

૪૩ મહેકમ-બ

સિસ્ટમ એન્જીનીયર ડો.પી.એન.ગોસ્વામી તથા અન્ય ૯ આમ કુલ મળીને ૧૦ એડહોક કર્મચારીઓની નિમણુંક નિયમિત કરવી કે કેમ ? તે અંગે વિચારણા કરવા બાબત.

૧. ડો.પી.એન.ગોસ્વામીનો તા.૧૯/૦૨/૨૦૧૮, ૨૫/૦૫/૨૦૧૮ અને ૨૬/૦૫/૨૦૧૮ના પત્રથી તેમની જગ્યા ૧૯૯૪ માં પેકેજ યોજના માં સમાવિષ્ટ થયેલ છે તેમ જણાવી તેમની સેવા વિનિયમિત કરવા રજૂઆત કરેલ છે.

તત્કાલીન સમયે ૧૯૯૩ માં યુનિવર્સિટી દ્વારા અમાન્ય જગ્યા પર કરેલ ભરતી સંદર્ભે શિક્ષણ વિભાગ દ્વારા એક કમીટી અત્રે આવેલ, કમિટી સમક્ષ યુનિવર્સીટી દ્વારા ઉભી કરેલ જગ્યાઓ પૈકી ભરાયેલ ૩૯ જગ્યાઓનું લીસ્ટ આપવામાં આવેલ જે પરિશિષ્ઠ તરીકે આ સાથે સામેલ છે. આ લીસ્ટમાં ડો. પી.એન.ગોસ્વામીનો સમાવેશ થયેલ નથી.

પેકેજ યોજનાના તા.૨૪/૦૫/૧૯૯૪ના ઠરાવમાં યુનિવર્સીટી દ્વારા ઉભી કરેલ ૩૯ જગ્યાઓ નિયમિત કરી ખાલી રહેલ ૪૪ જગ્યાઓ રદ કરેલ.

કોમ્પ્યુટર સેન્ટરની સિસ્ટમ એન્જીનીયરની જગ્યા સરકારશ્રી એ મંજૂર કરેલ હતી, પરંતુ તે જગ્યા ઉપર નિયમ મુજબની ભરતી પ્રક્રિયા કર્યા વગર એડહોક ઘોરણે ડો. પી.એન.ગોસ્વામીની નિમણુંક થયેલ હતી.

૨. ડો.પી.એન.ગોસ્વામી ઉપરાંત અન્ય ૯ એડહોક ધોરણે ભરતી પ્રક્રિયા વગર નિમણુંક પામેલ કર્મચારીઓની નિમણુંક અંગે પણ વિચારણા કરવા રહે. ઉપર મુજબના એડહોક ધોરણે નિમણુંક પામેલ ૧૦ કર્મચારીઓની નિમણુંક નિયમિત કરવા અંગે સરકારશ્રી કક્ષાએ અવાર નવાર દરખાસ્ત કરવામાં આવેલ છે. જેના નામો નીચે મુજબ છે.

૧) ડો. પી.એન. ગોસ્વામી
૨) શ્રી એસ.સી.ભટ્ટ
૩) ડો. સી.એમ. કાનાબાર
૪) શ્રી ડી.એસ.પંડ્યા
૫) શ્રી આઈ.જી.ઝાલા
૬) શ્રી બી.બી. વાંક
૭) શ્રી એસ.એમ.વ્યાસ
૮) શ્રી એસ.ડી. વાઘેલા
૯) શ્રી એન.બી.કપાસી
૧૦) શ્રી આર.એમ.જોશી

૩. સિન્ડીકેટની તા.૩૧/૦૫/૨૦૧૪ની સભાના ઠરાવ નં.૧૯ થી નીચે મુજબ ઠરાવ થયેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે એડહોક ધોરણે તથા નામદાર ઇન્ડસ્ટ્રીયલ ટ્રીબ્યુનલના એવોર્ડ મુજબ નિમણુંક પામેલા વિવિધ કર્મચારીઓને સહાનુભૂતિ તથા માનવતાના ધોરણે નિયમિત કરવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે જરૂર જણાય તો સરકારશ્રી કક્ષાએ રૂબરૂ રજૂઆત માટે સિન્ડીકેટ સભ્યોનું પ્રતિનિધિ મંડળ મોકલવું."

૪. એડહોક ધોરણે ભરતી પ્રક્રિયા વગર તથા સેટઅપમાં જગ્યા ન હોય છતાં પણ ભરતી કરેલ હોય તેવા કિસ્સામાં રાજ્ય સરકારશ્રી દ્વારા નિવૃત્તિના લાભો યુનિવર્સીટી દ્વારા ચૂકવવા તેવું સ્પષ્ટ પણે જણાવેલ છે અને યુનિવર્સિટી ફંડમાંથી નિવૃત્તિ,પેન્શન સહિતના તમામ લાભો ચૂકવવા નો પ્રશ્ન ઉપસ્થિત થશે.

૫. સાતમાં પગાર પંચના લાભો મંજુર કરતા ઠરાવમાં એડહોક ભરાયેલ જગ્યાઓ માટે સાતમાં પગાર પંચનો લાભ મંજુર કરવામાં આવેલ નથી અને જણાવવામાં આવેલ છે કે એડહોક ધોરણે ભરેલી જગ્યાઓ અંગે અલગથી સ્પષ્ટતા કરી દરખાસ્ત કરવાની રહેશે. આ સંદર્ભે યુનિવર્સીટી દ્વારા તા.૧૬/૩/૨૦૧૮ના રોજ શિક્ષણ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ છે જે હાલ સરકારશ્રી કક્ષાએ વિચારાધીન છે.

૬. તા.૧૩/૦૯/૨૦૧૭ ના રોજ મળેલી સ્ક્રુટીની કમિટીની બેઠકની કાયવાહી નોંધ માં જણાવ્યા મુજબ યુનિવર્સીટી દ્વારા એડહોક ધોરણે નિમણુંક પામેલ કર્મચારીઓની વિગતવાર દરખાસ્ત તા.૧૬/03/૨૦૧૮ ના પત્રથી કરવામાં આવેલ છે. જે હાલ સરકારશ્રી કક્ષાએ વિચારાધીન છે. પત્ર પરિશિષ્ઠ તરીકે સામેલ છે.

૭. સાતમાં પગારપંચના લાભો મંજૂર કરતા ઠરાવની શરત નં.૯ તથા ૧૧ નીચે મુજબ છે.

**(૯) રાજ્ય સરકાર દ્વારા મંજૂર કરવામાં આવેલ જગ્યાઓ પર યુનિવર્સિટી દ્વારા નિયત ભરતી પ્રક્રિયા દ્વારા ભરેલ જગ્યાઓને જ સાતમાં પગારપંચ મુજબ પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે. તે સિવાયની જગ્યાઓ માટે રાજ્ય સરકારની જવાબદારી રહેશે નહિ તથા તે માટે કોઈ અનુદાન (પગાર-ભથ્થા અને નિવૃત્તિ લાભો માટે) રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવશે નહિ.**

**(૧૧) સાતમાં પગાર પંચનો લાભ આપવા માટેની દરખાસ્ત કરવામાં આવેલ જગ્યાઓ પૈકીની જેટલી જગ્યાઓને સાતમાં પગાર પંચનો લાભ મંજુર કરવામાં આવેલ છે તે સિવાયની કોઈ પણ જગ્યાને સાતમાં પગાર પંચનો લાભ આપી શકાશે નહિ. આ માટે સંસ્થા પોતાની સ્તનો ઉપયોગ કરીને કાર્યવાહી હાથ ધરશે તો તે અંગેની જવાબદારી યુનિવર્સિટીના રજીસ્ટ્રાર/સંબંધીત અધિકારીશ્રીની રહેશે તેથી રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી વગર ઉપરોક્ત ૧૦ એડહોક ધોરણે ભરાયેલી જગ્યાઓ પરના કર્મચારીઓની સેવા વિનિયમિત કરી શકાય નહિ.**

૮. આમ, રાજ્ય સરકારશ્રીની મંજૂરી પૂર્વે જો ઉપરોક્ત જગ્યાઓ યુનિવર્સિટી દ્વારા વિનિયમિત કરવામાં આવે તો રજીસ્ટ્રાર/સંબંધિત અધિકારીની જવાબદારી ઉપસ્થિત થાય તેમ હોય તેમ જ યુનિવર્સિટી નાણાકીય બોજ ઉઠાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય તેમ હોય રાજ્ય સરકારની મંજૂરી અર્થે સમગ્ર બાબત મોકલવાની રહે.

**આથી ઠરાવવામાં આવે છે ઉપરોક્ત એડહોક કર્મચારીઓની નિમણુંક નિયમિત કરવા માટે રાજ્ય સરકારશ્રીનું માર્ગદર્શન મેળવવું.**

## <u>ટેબલ આઈટમ</u>

૪૪ એકેડેમિક — Bachelor of Design નાં (૧) B.P.D., (૨) B.C.D., (3) B.I.D. અને (૪) B.F.D. નવા અભ્યાસક્રમ બાબતે વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ગૃહવિજ્ઞાન વિદ્યાશાખા અંતર્ગત ઉપરોક્ત ક્રમ નં. ૨ અને ૪ નાં તથા વિનયન વિદ્યાશાખા અંતર્ગત ઉપરોક્ત ક્રમ નં. ૧ અને ૩ નાં અભ્યાસક્રમો બોર્ડ ફેકલ્ટી અને એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ મંજૂર કરવા.**

(નોંધ : ઉક્ત અભ્યાસક્રમો પરિશિષ્ટ "૧૭" તરીકે આ સાથે સામેલ છે.)

## મુક્ત ચર્ચા વિચારણા

૪૫ આથી ઠરાવવામાં આવે છે કે એનરોલમેન્ટની તારીખ ૩૧/૦૭/૨૦૧૮ સુધી વધારવી.

૪૬ આથી ઠરાવવામાં આવે છે ગર્લ્સ હોસ્ટેલના એડમિશન ફોર્મ કોમન કરવા.

૪૭ આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્થિત અનુસ્નાતક ભવનોમાં ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયામાં ફોર્મ અને ફી ભર્યા બાદ હાર્ડ કોપી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સબમિટ કરાવવામાંથી મુક્તિ આપવા વિચારણા કરવી.

૪૮ આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસ સ્થિત સ્પોર્ટ કોમ્પલેક્ષમાં જુદાં જુદાં પ્રકારે કોચિંગ ચલાવવા માટે કોઈ મંજૂરી આપવામાં આવેલ હોય તો તે રદ કરી ટેન્ડર દ્વારા પ્રક્રિયા કરવી.

૪૯ આથી ઠરાવવામાં આવે છે કે આર.કે. યુનિવર્સિટી દ્વારા નિયમ વિરૂદ્ધ તેનાં કેમ્પસ બહાર સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વિસ્તારમાં કોઈ સેન્ટર ચલાવવામાં આવતાં હોય તો તે માટે નોટીસ આપવી.

૫૦ આથી ઠરાવવામાં આવે છે નવી કોલેજ શરૂ કરવા માટે આવેલ અરજીઓ પરત્વે નીડ કમિટીની રચના કરવી.

૫૧ આથી ઠરાવવામાં આવે છે કે ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે ચાલતી મહિલા કોલેજોમાં માત્ર નવા વિષયનાં જોડાણ ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે ચલાવવા માટે મંજૂરી માંગવામાં આવે તો કન્યા કેળવણીનાં માન.રાજ્ય સરકારશ્રીના પ્રયાસોને ધ્યાને લઈ ડિપોઝીટમાંથી મુક્તિ આપવા માટે માન.રાજ્ય સરકારશ્રીને વિચારણા કરવા દરખાસ્ત કરવી.

૫૨ આથી ઠરાવવામાં આવે છે કે L.I.C.નાં સભ્યોના સુચનો ધ્યાને લઈ Online L.I.C. Submit કરવા અંગે જરૂરી સુધારા કરવા.

**અંતમાં અધ્યક્ષશ્રીનો આભારમાની સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.**

નં.સિન્ડિકેટ/૧૯/૨૦૧૮
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા. ૦૪/૦૭/૨૦૧૮




પ્રતિ,

સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

<u>નકલ રવાના</u>::--

૧. માન.કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. એકેડેમિક ઓફિસરશ્રી.
૩. પરીક્ષા નિયામકશ્રી.